Wednesday
21.01.2026
✳Volume :10 ✳ Issue No.194
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

સંયુકત નિવેદન: સંયુકત આરબ અમીરાત (UAE)ના રાષ્ટ્રપતિ મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનની ભારત મુલાકાત

કમલમ્,

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર, સંયુકત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ, મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ભારતની સત્તાવાર મુલાકાત લીધી હતી. છેલ્લા દસ વર્ષમાં મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનની આ પાંચમી ભારત મુલાકાત હતી અને UAEના રાષ્ટ્રપતિ તરીકે તેમની ત્રીજી સત્તાવાર ભારત મુલાકાત હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સહયોગના સંપૂર્ણ વ્યાપની સમીક્ષા કરી. તેઓ સહમત થયા કે ભારત-છઈ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી છેલ્લા દાયકામાં સતત મજબૂત થઈ છે. બંનેનેતાઓએ છેલ્લા બે વર્ષમાં અબુ ધાબીના કાઉન પ્રિન્સ, મહામહિમ શેખ ખાલદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન અને દુબઈના કાઉન પ્રિન્સ, UAE ના નાયબ પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રી, મહામહિમ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રાશિદ અલ મકતુમની ભારત મુલાકાતોને આવકારી હતી, અને નોંધ્યું હતું કે આ મુલાકાતો દ્વિપક્ષીય સંબંધોની પેઢીગત સાતત્ય દર્શાવે છે. બંને નેતાઓએ સપ્ટેમ્બર ૨૦૨૫ માં યોજાયેલ રોકાણ પરની ૧૩મી હાઈ-લેવલ ટાસ્કફોર્સ અને ડિસેમ્બર ૨૦૨૫ માં યોજાયેલ ૧૬મી ભારત-UAE સંયુકત પંચની બેઠક અને પછી વ્યૂહાત્મક સંવાદના પરિણામોને સમર્થન આપ્યું હતું. બંને નેતાઓએ ૨૦૨૨ માં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) પર હસ્તાક્ષર કર્યાપછી વેપાર અને આર્થિક સહયોગમાં મજબૂત વૃદ્ધિને આવકારી હતી અને દ્વિપક્ષીય વેપારની ઝડપી વૃદ્ધિની નોંધ લીધી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧૦૦ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચ્યો હતો. બંને પક્ષોના વેપારી સમુદાયોના ઉત્સાહથી પ્રોત્સાહિત થઈને, તેઓએ ૨૦૩૨ સુધીમાં ૨૦૦ બિલિયન યુએસ ડોલરનો લક્ષ્યાંક રાખીને દ્વિપક્ષીય વેપારને બમણો કરવાનો નિર્ણય લીધો. તેઓએ તેમની ટીમોને બંને પક્ષોના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના સાહસો (MSMEs) ને જોડવા માટે કામ કરવા નિર્દેશ આપ્યા. આ સંદર્ભમાં, તેઓએ મધ્ય પૂર્વ, પશ્ચિમ એશિયા, આફ્રિકા અને યુરેશિયા ક્ષેત્રમાં MSME ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે 'ભારત માર્ટ', 'વર્ચ્યુઅલ ટ્રેડ કોરિડોર' અને 'ભારત-આફ્રિકા સેતુ' જેવી મુખ્ય પહેલોના ઝડપી અમલીકરણ માટે આહવાન કર્યું. નેતાઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો કે ૨૦૨૪ માં હસ્તાક્ષર કરાયેલ દ્વિપક્ષીય રોકાણ સંધિએ બંને દેશોમાં બહુવિધ ક્ષેત્રોમાં રોકાણના પ્રવાહને વધુ મજબૂત બનાવ્યો છે. તેઓએ ગુજરાતના ધોલેરા માં સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજનના વિકાસ માટે સંભવિત છઈ ભાગીદારી પરની ચર્ચાઓને આવકારી હતી. પરિકલ્પિત ભાગીદારીમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, પાયલોટ તાલીમ શાળા, ઝાળવણી, સમારકામ અને ઓવરહોલ (MRO) સુવિધા, ગ્રીનફિલ્ડ પોર્ટ, સ્માર્ટ અર્બન ટાઉનશિપ, રેલવે કનેક્ટિવિટી અને ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના મુખ્ય વ્યૂહાત્મક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસનો સમાવેશ થશે. પ્રથમ ટ્રેન્ચ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની સકળતાને હાઈ લાઇટ કરતા, ભારતના પ્રધાનમંત્રીએ UAE સાર્વભૌમ સંપત્તિ ભંડોળને ૨૦૨૬ માં લોન્ચ થનારા બીજા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાં ભાગીદારી કરવા વિચારવા માટે આમંત્રણ આપ્યું. બંને નેતાઓએ ગિફ્ટ સિટી (GIFT City) માં ડીપી વર્લ્ડ (DP World) અને ફર્સ્ટ અબુ ધાબી બેંક (First Abu Dhabi Bank) ની શાખાઓની સ્થાપનાને આવકારી હતી, જે અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર તરીકે તેના ઉદભવને મજબૂત બનાવે છે. FAB ની ગિફ્ટ સિટી શાખા એક મુખ્ય સેતુ તરીકે કામ કરશે, જે ભારતીય કોર્પોરેટ્સ અને રોકાણકારોને GCC અને MENA બજારોમાં તેની કુશળતા અને વૈશ્વિક નેટવર્ક સાથે જોડશે. બંને પક્ષોએ ખાદ્ય સુરક્ષામાં UAE-ભારત સહયોગ વધારવા માટે તેમની મજબૂત પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી, ટકાઉ પુરવઠા શૃંખલા અને લાંબા ગાળાની સ્થિતિસ્થાપકતા સુનિશ્ચિત કરવામાં તેના વ્યૂહાત્મક મહત્વને ઓળખી કાઢ્યું. તેઓએ બંને દેશોની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને અનુરૂપ ટકાઉ કૃષિને આગળ વધારવામાં અને રાષ્ટ્રીય ખાદ્ય સ્થિતિસ્થાપકતા વધારવામાં જાહેર-ખાનગી ભાગીદારી, નવીનતા અને જ્ઞાનના આદાનપ્રદાનની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. બંને નેતાઓ અવકાશ ક્ષેત્રમાં સહયોગ ગાઢ બનાવવા સંમત થયા હતા. આ સંદર્ભમાં, તેઓએ અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિ દ્વારા ક્ષેત્રના વ્યાપારીકરણને વેગ આપવાના ઉદ્દેશ્યવાળી સંયુકત પહેલ પર સહયોગ કરવા માટે થયેલી સમજૂતીને આવકારી હતી. આ પહેલનો ઉદ્દેશ એન્ડ-ટુ-એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મજબૂત ઔદ્યોગિક આધાર સાથે સંકલિત સ્પેસ ઇકોસિસ્ટમ બનાવવાનો છે. તેનો ઉદ્દેશ્ય ભારત-UAE સંયુકત મિશનોને સક્ષમ કરવાનો, વૈશ્વિક વ્યાપારી સેવાઓનો વિસ્તાર કરવાનો, ઉચ્ચ-કુશળ રોજગારી અને સ્ટાર્ટ-અપ્સ બનાવવાનો અને ટકાઉ બિઝનેસ મોડલ્સ દ્વારા દ્વિપક્ષીય રોકાણને મજબૂત કરવાનો છે. બંને નેતાઓએ વિજ્ઞાન અને ટેકનોલોજી અને નવીનતામાં, ખાસ કરીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ઊભરતી ટેકનોલોજીના ક્ષેત્રોમાં સહયોગ મજબૂત કરવાનો નિર્ણય લીધો હતો. ભારતમાં સુપરકોમ્પ્યુટિંગ ક્લસ્ટરની સ્થાપના પર સહયોગ કરવાના નિર્ણયને આવકારતા, તેઓ ભારતમાં ડેટા સેન્ટર્સ સ્થાપવામાં સહયોગની શક્યતાઓ શોધવા માટે પણ સંમત થયા હતા. બંને નેતાઓએ તેમની ટીમોને પરસ્પર માન્ય સાર્વભૌમત્વ વ્યવસ્થાઓ હેઠળ UAE અને ભારત વચ્ચે 'ડિજિટલ એમ્બેસી' સ્થાપવાની શક્યતા શોધવા નિર્દેશ આપ્યો હતો. મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને ફેબ્રુઆરી ૨૦૨૬ માં ભારતમાં યોજનાર 'AI ઇમ્પેક્ટ સમિટ' માટે ટેકો જાહેર કર્યો હતો. બંને નેતાઓએ દ્વિપક્ષીય ઊર્જા ભાગીદારીની મજબૂતી પર સંતોષ વ્યક્ત કર્યો હતો અને ભારતની ઊર્જા સુરક્ષામાં UAE ના યોગદાન પર ભાર મૂક્યો હતો. તેઓએ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) અને ADNOC ગેસ વચ્ચે ૨૦૨૮ થી શરૂ થતા દર વર્ષે ૦.૫ મિલિયન ટન લિક્વિફાઇડ નેચરલ ગેસની ડિલિવરી માટે ૧૦-વર્ષના નવા સપ્લાય એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવાનું સ્વાગત કર્યું હતું. નેતાઓએ સુસ્ટેનેબલ હાર્નેસિંગ એન્ડ એડવાન્સમેન્ટ ઓફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા (SHANTI) કાયદા ના અમલીકરણને પણ આવકાર્યું હતું, અને નોંધ્યું હતું કે ઉન્નત નાગરિક પરમાણુ સહયોગ માટે નવી તકો ઊભી કરે છે. બંને પક્ષો અદ્યતન પરમાણુ ટેકનોલોજીમાં ભાગીદારી શીખવા સંમત થયા હતા, જેમાં મોટા પરમાણુ રિએક્ટર અને સ્મોલ મોડ્યુલર રિએક્ટર્સ (SMRs) ના વિકાસ અને તેના ઉપયોગ (deployment), તેમજ અદ્યતન રિએક્ટર સિસ્ટમ્સ, ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ઓપરેશન્સ અને મેન્ટેનન્સ અને પરમાણુ સુરક્ષામાં સહયોગનો સમાવેશ થાય છે. બંને નેતાઓએ બંને દેશો વચ્ચે ઊંડા થતા નાણાકીય ક્ષેત્રના સહયોગની પ્રશંસા કરી હતી. તેઓએ તેમની ટીમોને કાર્યક્ષમ, ઝડપી અને ખર્ચ-અસરકારક સરહદ પારની ચૂકવણી (cross-border payments) સક્ષમ કરવા માટે રાષ્ટ્રીય પેમેન્ટ પ્લેટફોર્મ્સને એકબીજા સાથે જોડવા માટે કામ કરવા નિર્દેશ આપ્યો. બંનેદેશો વચ્ચેના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને આંળખીને, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ માટે કલાકૃતિઓ પરત કરવા બદલ UAE ના નિર્ણયને આવકાર્યો હતો. બંને નેતાઓએ ભારત-UAE મિત્રતાના કાયમી પ્રતીક તરીકે અબુ ધાબીમાં 'હાઉસ ઓફ ઈન્ડિયા' સ્થાપવાનો નિર્ણય લીધો હતો. તેઓ સાંસ્કૃતિક સમજણને વધુ ગાઢ બનાવવાના ઉદ્દેશ્યથી યુવા આદાનપ્રદાન દ્વારા જીવંત લોકો-થી-લોકોના સંબંધોને પોષવાનું ચાલુ રાખવા માટે પણ સંમત થયા હતા. નેતાઓએ શિક્ષણને ભારત-UAE ભાગીદારીના પાયાના પથ્થર તરીકે ઓળખાવ્યું. UAE માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દિલ્હી અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ-અમદાવાદના ઓફશોર કેમ્પસ ખોલવાના આધારે, તેઓએ બંને દેશોની યુનિવર્સિટીઓ વચ્ચે શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે જોડાણને પ્રોત્સાહન આપવા અને વિદ્યાર્થીઓના આદાનપ્રદાનને વિસ્તારવા માટે વધુ પ્રયત્નો કરવા પ્રોત્સાહિત કર્યા, જેમાં બંનેદેશો વચ્ચે જ્ઞાન સેતુ તરીકે કામ કરશે. તેમાં શાળાઓ અને કોલેજોમાં ઈનોવેશન અને ટિંકરિંગ લેબ્સના વિસ્તરણમાં સહયોગનો સમાવેશ થશે. ભારતના ડિજીલોકર (Digilocker) ને ભારતીય શૈક્ષણિક ડિગ્રીઓ/દસ્તાવેજોના સીમલેસ ઓથેન્ટિકેશન માટે UAE પ્લેટફોર્મ્સ સાથે સંકલિત કરવા માટે કામ કરવા માટે થયેલી સમજૂતીને નેતાઓએ આવકારી હતી, જેવધુ આર્થિક અને શૈક્ષણિક તકો અને જીવનની સરળતા ને પ્રોત્સાહન આપશે. નેતાઓએ એકબીજાની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે ઊંડો આદર અને વ્યૂહાત્મક સ્વાયત્તતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેઓએ સ્વીકાર્યું કે સતત અને મજબૂત દ્વિપક્ષીય સંરક્ષણ અને સુરક્ષા સહયોગ વ્યાપક વ્યૂહાત્મ ક ભાગીદારીના મુખ્ય સ્તંભ તરીકે છે. તેઓએ બંને દેશો ના આર્મી, નેવી અને એરફોર્સના સંબંધિત સર્વિસ ચીફ અને કમાન્ડરોની તાજેતરની મુલાકાતો અને દ્વિપક્ષીય લશ્કરી કવાયતોના સફળ સંચાલન દ્વારા પેદા થયેલી ગતિને આવકારી હતી. તેઓ એ વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારીના નિષ્કર્ષ તરફના લેટર ઓફ ઈન્ટેન્ટ પર હસ્તાક્ષર કરવાનું સ્વાગત કર્યું, બંને નેતાઓએ સરહદ પારના આતંકવાદ સહિત તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદની તેમની સ્પષ્ટ નિંદાનો પુનરોચ્ચાર કર્યોહતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈપણ દેશ આતંકવાદી કૃત્યો માટે નાણાં પૂરા પાડતા, આયોજન કરતા, સમર્થન આપતા અથવા આચરનારાઓને સુરક્ષિત આશ્રય આપવો જોઈએ નહીં. તેઓ આતંકવાદી વિચારણો સામનો કરવા અને મની લોન્ડરિંગ વિરોધી પ્રયાસોને મજબૂત કરવા માટે કાયનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) ના માળખામાં સહયોગ ચાલુ રાખવા માટે સંમત થયા હતા. બંને નેતાઓએ સપ્ટેમ્બર ૨૦૨૩ માં દિલ્હીમાં G20 સમિટ દરમિયાન ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર (IMEC) ના લોન્ચિંગને યાદ કર્યું, બંને નેતાઓએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું. તેઓએ પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને સ્થિરતામાં તેમના સહિયારા હિત પર ભાર મૂક્યો. તેઓએ બહુપક્ષીય અને બહુપક્ષીય મંચો પર ઉત્કૃષ્ટ સહયોગ અને પરસ્પર સમર્થનની નોંધ લીધી. UAE પક્ષે ૨૦૨૬ માં ભારતના બ્રિકસ (BRICS) અધ્યક્ષપદની સફળતા માટે સંપૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું હતું. ભારતીય પક્ષે ૨૦૨૬ ના અંતમાં UAE દ્વારા સહ-આયોજિત થનારી ૨૦૨૬ સંયુકત રાષ્ટ્ર જળ પરિષદ (UN Water Conference) માટે પોતાનું સમર્થન વ્યક્ત કર્યું હતું, જે SDG 6 ના અમલીકરણને વેગ આપવા, સૌના માટે પાણી અને સ્વચ્છતાની ઉપલબ્ધતા અને ટકાઉ સંચાલન સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. બંને પક્ષોએ દ્વિપક્ષીય વિજ્ઞાનમાં તેમના સહયોગ પર ભાર મૂક્યો અને સંયુકત અભિયાનો અને સંસ્થાકીય સહયોગના સકારાત્મક પરિણામોની નોંધ લીધી. બંને પક્ષો લક્ષ્યાંકિત વૈજ્ઞાનિક પહેલો, સંકલિત સંશોધન આયોજન અને રાષ્ટ્રીય દ્વિપક્ષીય સંશોધન સંસ્થાઓ વચ્ચે મજબૂત સહયોગ દ્વારા આ ભાગીદારીને વધુ આગળ વધારવા માટે સંમત થયા હતા. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દ્વિપક્ષીય પ્રદેશોમાં સતત સહયોગ પુરાવા-આધારિત આબોહવા પરિવર્તન સામેના પગલાંને ટેકો આપશે અને વૈશ્વિક વૈજ્ઞાનિક પ્રયાસોમાં ફાળો આપશે. મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને હાર્દિક સ્વાગત અને ઉદાર આતિથ્ય બદલ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો.

ઉપરાષ્ટ્રપતિએ ગાંધી આશ્રમ ખાતે મહાદેવ દેસાઈ પુસ્તકાલય વિસ્તરણનું ઉદ્ઘાટન કર્યું

નવી દિલ્હી સ્થિત હરિજન સેવક સંઘ ખાતે ઉપરાષ્ટ્રપતિએ સરળતા, સેવા અને સામાજિક જવાબદારીના ગાંધીવાદી આદર્શો પર પ્રકાશ પાડ્યો

ગ્રંથાલયો સામાજિક પરિવર્તનના સાધન છે, ગાંધી આશ્રમ ખાતે ઉપરાષ્ટ્રપતિએ કહ્યું

કમલમ્,

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણન નવી દિલ્હીમાં ઐતિહાસિક ગાંધી આશ્રમ ખાતે હરિજન સેવક સંઘની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે મહાદેવ દેસાઈ પુસ્તકાલય વિસ્તરણનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિએ આશ્રમની અંદર સ્થિત કસ્તુરબા સંગ્રહાલયની પણ મુલાકાત લીધી, જ્યાં મહાત્મા ગાંધી અને કસ્તુરબા ગાંધી ૧૯૩૦ અને ૧૯૪૦ના દાયકામાં દિલ્હીની મુલાકાત દરમિયાન રોકાયા હતા. આ મુલાકાત નોખુબ જ ભાવનાત્મક ગણાવતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે કસ્તુરબા બા દ્વારા ઉપયોગ માં લેવાતા સાદા ઘર અનેરસોડા સહિત આ આશ્રમમાં ચાલવા થી ભારતના નેતાઓ દ્વારા ચલાવવામાં આવતા કઠોર જીવનની શક્તિશાળી યાદ અપાવી, જેમાં સાદગી, બલિદાન અનેઅટલ નિશ્ચયનો સમાવેશ થાય છે. સભાને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે મહાદેવ દેસાઈ પુસ્તકાલયના વિસ્તરણનું ઉદ્ઘાટન ફક્ત ભૌતિક જગ્યાનુંવિસ્તરણ નહોતું, પરંતુ જ્ઞાન એ સામાજિક પરિવર્તનનું સાધન છે તે માન્યતાની પુષ્ટિ કરે છે. મહાત્મા ગાંધીના વ્યક્તિગત પરિવર્તન પર પ્રતિબિંબ પાડતા, ઉપરાષ્ટ્રપતિએ યાદ કર્યું કે કેવી રીતે ગાંધીજીનો પશ્ચિમી પોશાક છોડી દેવાનો નિર્ણય ભારતીય ખેડૂતોની ગરીબી સાથેના તેમના અનુભવ દ્વારા આકાર પામ્યો હતો, જેમાં મદુરાઈ રેલવે સ્ટેશન પર પણ સમાવેશ થાય છે, જ્યાં તેમણે ફક્ત ધોતિયું અને ચાદર પહેરવાનો નિર્ણય લીધો હતો. તેમણે કહ્યું કે આ પરિવર્તન ગાંધીજીની જનતા સાથે ઓળખાણ બનાવવા અને તેમના ઉત્થાન માટે કામ કરવાની આજીવન પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. તેમણે ગાંધીજીના સ્વદેશીના હિમાયતનો પણ ઉલ્લેખ કર્યો હતો, તેમણે નોંધ્યું કે ગાંધીજીએ કેવી રીતે ભારતનો કપાસને મા ન્ચેસ્ટરમાં પ્રક્રિયા કરીને ભારતીયોને પાછું વેચવાના વિરોધ કર્યો હતો, અને તેના બદલે સ્વદેશીને સમર્થન આપ્યું હતું.

હરિજન સેવક સંઘને મહાત્મા ગાંધી દ્વારા રોપાયેલ બીજ ગણાવતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તેના કાર્યથી શિક્ષણ, જાગૃતિ અને સેવા દ્વારા અસ્પૃશ્યતા જેવા સામાજિક દુષણોને દૂર કરવામાં રાષ્ટ્રને મદદ કરીને કાર્યથી ફળ મળ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જન્મ વ્યક્તિ સારી છે કે ખરાબ તે નક્કી કરતું નથી; તે ચારિત્ર્ય છે જે વ્યક્તિને વ્યાખ્યા યિત કરે છે. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કે. આર. નારાયણનના જીવનને યાદ કરતાં, ઉપરાષ્ટ્રપતિએ ગાંધીવાદી સમુદાય માટે પ્રો. ડો. શંકર કુમાર સાન્યાલ દ્વારા લખાયેલ પુસ્તક "એજ ઓફ એનલાઈટનમેન્ટ: મહાત્મા ગાંધી'સ વિઝન"નું વિમોચન કર્યું. તેમણે મહાત્મા ગાંધી, ઠક્કર બાપા અને વિનોબા ભાવેને પુષ્પાંજલિ પણ અર્પણ કરી. આ પ્રસંગેપ્રો. ડો.સંકર કુમાર સાન્યાલ, પ્રમુખ, હરિજન સેવક સંઘ; શ્રી નરેશ યાદવ, ભૂતપૂર્વ સંસદ સભ્ય અને ઉપપ્રમુખ, હરિજન સેવક સંઘ; શ્રી લક્ષ્મી દાસ, ભૂતપૂર્વ અધ્યક્ષ, KVIC અને ઉપપ્રમુખ, હરિજન સેવક સંઘ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી રામદાસ આઠવલેએ અમદાવાદમાં સામાજિક કલ્યાણ યોજનાઓની સમીક્ષા કરી

શ્રી રામદાસ આઠવલેએ બંધારણીય મૂલ્યો, બૌદ્ધ મુદ્દાઓ અને કલ્યાણકારી યોજનાઓનો વિશેષ ઉલ્લેખ કર્યો

કમલમ્,

સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી રામદાસ આઠવલેએ આજે અમદાવાદમાં યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધી. તેમણે બૌદ્ધ ધાર્મિક સંસ્થાઓના સંચાલન, બંધારણીય મૂલ્યો તેમજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના સર્વસમાવેશી વિકાસ અંગે ચર્ચા કરી હતી. શ્રી આઠવલેએ જણાવ્યું કે ભગવાન બુદ્ધે આશરે ૨,૫૦૦ વર્ષ પૂર્વે બિહારમાં બોધિવૃક્ષ નીચે બોધિ પ્રાપ્ત કરી હતી, જે બૌદ્ધ ધર્મ માટે અતિ પવિત્ર સ્થળ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ધાર્મિક સંસ્થાઓનું સંચાલન તે જ ધર્મના અનુયાયીઓ દ્વારા થવું જોઈએ અને બૌદ્ધ મંદિરો તથા ટ્રસ્ટોમાં બૌદ્ધ સમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઈએ, જેમાં બૌદ્ધ અધ્યક્ષની નિમણૂકનો પણ સમાવેશ થાય છે. બંધારણીય માળખા અંગે વાત કરતા મંત્રીએ ડો. બાબાસાહેબ આંબેડકરની ભૂમિકા યાદ કરી, જેમણે બંધારણ રચનાકાર સમિતિના અધ્યક્ષ તરીકે ભારતીય બંધારણની રચનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે જણાવ્યું કે ભારતીય બંધારણ ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ સ્વીકૃત થયું અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી અમલમાં આવ્યું, જેના આધારે દેશમાં સમાનતા, ન્યાય અને ધાર્મિક સ્વતંત્રતાની પાયામાં રાખવામાં આવી હતી. શ્રી આઠવલેએ માહિતી આપી કે બિહાર માં સ્થિત બૌદ્ધ મંદિર સંબંધિત કાયદામાં જરૂરી સુધારા કરવા અંગે તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને સ્મરણપત્ર સોંપ્યું છે. આ મુદ્દો રાજ્ય સરકારના અધિકાર ક્ષેત્રમાં આવતો હોવા છતાં, બૌદ્ધ સમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે જરૂરી સુધારા કરવા જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. કેન્દ્ર સરકારની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતાં મંત્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં સામેલ થયું છે. 'મેક ઇન ઇન્ડિયા' જેવી પહેલોથી ઉત્પાદન ક્ષેત્ર મજબૂત બન્યું છે, રોકાણમાં વધારો થયો છે અને રોજગારીની તકો ઊભી થઈ છે. તેમણે જનધન યોજના, પ્રધાનમંત્રી મુદ્રા યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના અને આયુષ્માન ભારત જેવી મુખ્ય કલ્યાણકારી યોજનાઓ અંગે વિગત આપી અને જણાવ્યું કે આ યોજનાઓનો લાભ ધર્મ કે જાતિના ભેદભાવ વગર સમાજના તમામ વર્ગોના કરોડો લોકોને મળ્યો છે. શ્રી આઠવલેએ પુનરોચ્ચાર કર્યો કે સરકાર બંધારણીય મૂલ્યો અને સર્વસમાવેશી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, બૌદ્ધ સહિત તમામ સમુદાયો સરકારી યોજનાઓના સમાન લાભાર્થી છે. અમદાવાદ મુલાકાત દરમિયાન કેન્દ્રીય મંત્રીએ જિલ્લા કલેક્ટર, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તથા વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી અને ગુજરાત માં સામાજિક કલ્યાણ યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી હતી. તેમણે કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ નિર્ધારિત લાભાર્થીઓ સુધી સમયસર અને અસરકારક રીતે પહોંચે તે માટે વિભાગો વચ્ચે સંકલન વધારવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

તંત્રી સ્થાનેથી......

ખાણ મંત્રાલય હેઠળના ભારતીય ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (GSI) ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ એ.પી. શિંદે સિમ્પોઝિયમ હોલ, ICAR, પુસા, નવી દિલ્હી ખાતે ૬૫મી સેન્ટ્રલ ભૂસ્તરશાસ્ત્રીય પ્રોગ્રામિંગ બોર્ડ (CGPB) ની બેઠક યોજવાનું આયોજન કરી રહ્યું છે. આ મહત્વપૂર્ણ કાર્યક્રમ કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો, ઉદ્યોગ, શિક્ષણ અને ખાણકામ ક્ષેત્રના મુખ્ય હિસ્સેદારોને ભૂસ્તરશાસ્ત્રીય પ્રગતિ, ખનિજ સંશોધન વ્યૂહરચનાઓ અને પડકારોના ઉકેલો, જેમાં સ્વચ્છ ઊર્જા, ભૂ-જોખમો અને ટકાઉ વિકાસમાં નવી પહેલનો સમાવેશ થાય છે, તેની ચર્ચા કરવા માટે એકત્ર કરશે. સેન્ટ્રલ ભૂસ્તરશાસ્ત્રીય પ્રોગ્રામિંગ બોર્ડ (CGPB) ખાણ મંત્રાલય હેઠળના ભારતીય ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (GSI)નું એક મહત્વપૂર્ણ મંચ છે, જ્યાં ત્જીના વાર્ષિક ફિલ્ડ સીઝન પ્રોગ્રામ (FSP) ની ચર્ચા કરવામાં આવે છે અને કાર્યનું ડુપ્લિકેશન ટાળવામાં આવે છે. CGPB સભ્યો અને અન્ય હિસ્સેદારો, જેમ કે રાજ્યસરકારો, કેન્દ્ર/રાજ્ય સરકારની ખનિજ સંશોધન એજન્સીઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને ખાનગી ઉદ્યોગસાહસિકો, GSI સાથે સહયોગ માટે તેમની વિનંતીઓ સબમિટ કરે છે. ભારત સરકાર દ્વારા નિર્ધારિત પ્રાથમિકતાઓ અને સભ્યો અને હિસ્સેદારો દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવોના મહત્વ અને તાકીદના આધારે, આગામી નાણાકીય વર્ષ દરમિયાન સર્વેક્ષણ અને મેપિંગ, સંશોધન અને વિકાસ, સામાજિક પ્રોજેક્ટ્સ માટે બહુ-શાખાકીય અને તાલીમ અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમો માટે GSIના વાર્ષિક કાર્યક્રમને CGPB બેઠકમાં ઉચ્ચતમ સ્તરે યોગ્ય ચર્ચા અને વિચાર-વિમર્શ પછી અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. ૬૫મી CGPB બેઠકની અધ્યક્ષતા ખાણ મંત્રાલયના સચિવ શ્રી પીયૂષ ગોયલ કરશે, જેમાં GSIના ડિરેક્ટર જનરલ શ્રી અસિત સાહા અને ખાણ મંત્રાલયના અધિક સચિવ શ્રી સંજય લોહિયાની ઉપસ્થિતિમાં બેઠક યોજાશે. ખાણ મંત્રાલય, GSI, રાજ્ય ભૂસ્તરશાસ્ત્રીય વિભાગો, જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) અને ખાનગી શોધ/ખાણકામ કંપનીઓના વરિષ્ઠ પ્રતિનિધિઓ પણ ભાગ લેશે. બેઠકમાં દેશમાં ખનિજ ક્ષેત્ર સામેના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

ઉર્જા સંક્રમણ અને આત્મનિર્ભર ભારત પર રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અનુસાર લિથિયમ, REE, ગ્રેફાઇટ, PGE, વેનેડિયમ, સ્કેન્ડિયમ, સીઝિયમ વગેરે જેવા મહત્વપૂર્ણ ખનિજોનું સંશોધન.

AI/ML-આધારિત ડેટા એકીકરણ, ભૂ-ભૌતિક સર્વેક્ષણો, હાઇપરસ્પેક્ટ્રલ રિમોટ સેન્સિંગ, ઊંડા ડ્રિલિંગ અને ખનિજ પ્રણાલી અભ્યાસ જેવા આધુનિક સંશોધન સાધનોનો સ્વીકાર.

રાષ્ટ્રીય સંસાધનોનો વધુ સારી રીતે ઉપયોગ કરવા, ડુપ્લિકેશન ઘટાડવા અને શોધથી હરાજી માટે તૈયાર બ્લોક્સ તરફ સંક્રમણને વેગ આપવા માટે, ખાસ કરીને મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજો માટે પૂર્વ-સ્પર્ધાત્મક ડેટા શેરિંગ અને સહયોગી સંશોધન મોડેલો.

આપત્તિ જોખમ ઘટાડવા માટે, ખાસ કરીને હિમાલય અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં ભૂસ્ખલન જોખમ ઝોનિંગ અને ઢાળ સ્થિરતા અભ્યાસ.

DFS સચિવે IFSC–IRDAI–GIFT City ગ્લોબલ રીઈન્સ્યોરન્સ સમિટમાં ભારતની વીમા વૃદ્ધિ પર ભાર મૂકયો

સચિવે સર્વસમાવેશક વીમા વૃદ્ધિ માટેના રોડમેપ તરીકે "૨૦૪૭ સુધીમાં સૌના માટે વીમો"ના વિઝનને રેખાંકિત કર્યું

કમલમ્,
DFS ના સચિવ શ્રી એમ. નાગરાજૂએ મુંબઈમાં IFSC–IRDAI–GIFT City ગ્લોબલ રીઈન્સ્યોરન્સ સમિટની ત્રીજી આવૃત્તિને સંબોધિત કરી હતી. સંબોધનની શરૂઆત IFSC GIFT City ના ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા સાથે કરવામાં આવી હતી. સચિવે જણાવ્યું હતું કે ભારત તેના રીઈન્સ્યોરન્સક્ષેત્રમાં પરિવર્તનશીલ વૃદ્ધિના શિખર પર ઉભું છે, અને "આજે ભારતને બ્રિજિંગ, ઇન્શ્યોરિંગ ઇન્ડિયા ટુમોરો - ધ ઇન્ડિયા ઇવોલ્યુશન રોડમેપ" થીમ "૨૦૪૭ સુધીમાં બધા માટે વીમા" ના વિઝન સાથે ગાઢ રીતે સુસંગત છે. IFSCA–IRDAIGIFT City ગ્લોબલ રીઈન્સ્યોરન્સ સમિટને સચિવ દ્વારા એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે વર્ણવવામાં આવ્યું હતું જે નાણાકીય સેવા ક્ષેત્રના મુખ્ય હિતધારકોને એકસાથે લાવે છે. વીમો અને પુનઃવીમાને ભારતને તેના આર્થિક ઉદ્દેશ્યો તરફ દોરી જવા માટે નિર્ણાયક ગણાવ્યા હતા, ખાસ કરીને જ્યારે દેશ વૈશ્વિક અર્થતંત્રમાં તેની ભૂમિકા મજબૂત કરી રહ્યો છે. વૈશ્વિક આર્થિક પરિદ્રશ્યનો ઉલ્લેખ કરતા, સચિવે નોંધ્યું હતું કે ભારત ૧.૪૬ અબજથી વધુ વસ્તી ધરાવતો વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે અને વૈશ્વિક પડકારજનક પરિસ્થિતિઓ હોવા છતાં, તે વૈશ્વિક ખેલાડી તરીકે ઊભરી આવ્યું છે અને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહ્યું છે, જેની વૃદ્ધિ ૨૦૨૬ માં ૬.૬ ટકા રહેવાની ધારણા છે. વૈશ્વિક વીમા પરિદ્રશ્ય પર, સ્વિસ રી સિગ્મા રિપોર્ટ (નં. ૦૨/૨૦૨૫) ને ટાંકીને, સચિવે જણાવ્યું હતું કે ૨૦૨૪ માં મજબૂત પ્રદર્શન પછી, વૈશ્વિક આર્થિક મંદી અને અસ્થિર નીતિગત વાતાવરણને કારણે વૈશ્વિક વીમા ઉદ્યોગમાં પ્રીમિયમ વૃદ્ધિ લાઈફ અને નોન-લાઈફ બંને સેગમેન્ટમાં ધીમી પડી રહી છે. સ્વિસ રી રિપોર્ટ મુજબ, ભારત ૨૦૨૪માં નોમિનલ પ્રીમિયમ વોલ્યુમ દ્વારા વૈશ્વિક સ્તરે ૧૦મું સૌથી મોટું વીમા બજાર રહ્યું છે, જેનો બજાર હિસ્સો ૧.૮ ટકા છે. વીમાની પહોંચ ૩.૭ ટકા હતી, જેમાં લાઈફ ઈન્સ્યોરન્સ ૨.૭ ટકા અને નોન-લાઈફ ૧ ટકા હતું, જ્યારે વીમા ઘનતા મામૂલી વધીને ૯૭ યુએસ ડોલર થઈ છે, જે બજારમાં વણઉપયોગી નોંધપાત્ર સંભવિતતા સૂચવે છે. સચિવે એ પણ સંકેત આપ્યો હતો કે ભારતીય વીમા ક્ષેત્ર, જે નાણાકીય પ્રણાલીનો અભિન્ન ભાગ છે, તે મૃત્યુદરમાં જોખમ, મિલકત અને અકસ્માત સામે રક્ષણ આપીને, બચતને પ્રોત્સાહન આપીને અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને અન્ય લાંબા ગાળાના પ્રોજેક્ટ્સ માટે લાંબા ગાળાના ભંડોળ પૂરું પાડીને અર્થતંત્રમાં મહત્વની ભૂમિકા ભજવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન, આ ક્ષેત્રે ૪૧.૮૪ કરોડ પોલિસીઓ જારી કરી, ૧૧.૯૩ લાખ કરોડનું પ્રીમિયમ એકત્રિત કર્યું, ૮.૩૬ લાખ કરોડના દાવાઓની ચૂકવણી કરી, અને ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ ૭૪.૪૪ લાખ કરોડની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (AUM) નોંધાવી હતી. ભારતમાં કુલ રીઈન્સ્યોરન્સ માર્કેટ ૨૦૨૪–૨૫ માં ૧.૧૨ લાખ કરોડનું હતું. સરકાર અને વીમા નિયમનકારે નીતિ માળખા અને માળખાકીય સુધારાઓને વધુ વૃદ્ધિ અને વીમા સુલભતા માટે સક્ષમ બનાવ્યા છે. વીમા ક્ષેત્રમાં વિદેશી સીધા રોકાણને ૧૦૦ ટકા સુધી વધારવામાં આવ્યું છે, ગયા વર્ષે એક નવા પુનઃવીમાદાતાની નોંધણી કરવામાં આવી હતી, અને સબકા બીમા સબકી રક્ષા (વીમા કાયદામાં સુધારો) અધિનિયમ, ૨૦૨૫ પોલિસીધારકોના શિક્ષણ અને સુરક્ષા ભંડોળની રચના માટે જોગવાઈ કરે છે, ડેટા સુરક્ષાને ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, ૨૦૨૩ સાથે સંરેખિત કરે છે, અને IRDAIની નિયમનકારી શક્તિઓને વધારે છે. સંબોધનના અંતે, સચિવે ભારતની વૈશ્વિક રીઈન્સ્યોરન્સ હબ બનવાની આકાંક્ષાને આગળ વધારવામાં IFSCA ની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. IFSCA એક્ટ, ૨૦૧૯ હેઠળ, GIFT City IFSC તેના વૈશ્વિક સમકક્ષો સાથે સુસંગત છે, IFSC વીમા કચેરીઓનું નિયમન કરે છે, વિદેશી પુનઃવીમા દાતાઓને શાખાઓ સ્થાપવા સક્ષમ બનાવે છે, વૈશ્વિક ધોરણો સાથે નિયમોનું સુમેળ સાધે છે, અને IFSCs, SEZs, ઘરેલું ટેરિફ વિસ્તારો અને વિદેશી બજારોમાં પુનઃવીમાની સુવિધા પૂરી પાડે છે. ભારતનું વીમા અને પુનઃવીમા ક્ષેત્ર ઉપર તરફ ગતિ કરી રહ્યું હોવાનું નોંધવામાં આવ્યું હતું, જેમાં ભારતીય વીમાદાતાઓ અને પુનઃવીમા દાતાઓને GIFT City દ્વારા વૈશ્વિક તકોનો લાભ લેવા અને "૨૦૪૭ સુધીમાં સૌના માટે વીમો" હાંસલ કરવા માટે તમામ હિતધારકો સાથે મળીને કામ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગુજરાતની ખેતી બેંકનાં બ્રાન્ડ એમ્બેસેડર નિરમા ઠાકોરે ટાટા મુંબઈ મેરાથોન ૨૦૨૬ માં રજત પદક જીત્યો

નિરમા ઠાકોરએ માત્ર પડકારજનક ૪૧.૧૯૫ કિમીનું અંતર જ પાર ન કર્યું, પરંતુ ૨ કલાક, ૪૯ મિનિટ અને ૦૭ સેકન્ડમાં મેરેથોન પૂર્ણ કરીને ઇતિહાસમાં પોતાનું નામ પણ અંકિત કર્યું

કમલમ્,
અદભુત ધીરજ અને રમતગમતની કુશળતાનો પરિચય આપતા, પાટણ તાલુકાના હાજીપુર ગામની સાદી પૃષ્ઠભૂમિમાંથી આવેલી નિરમા ઠાકોરે ૧૯મી ટાટા મુંબઈ ફુલ મેરેથોન ૨૦૨૬ માં ઈન્ડિયન ઈલાઈટ મહિલા વર્ગમાં વિજય મેળવ્યો. ગરીબ ખેડૂતની દીકરી નિરમાએ પડકારજનક ૪૧.૧૯૫ કિમીનું અંતર પાર કરી ૨ કલાક, ૪૯ મિનિટ અને ૦૭ સેકન્ડમાં મેરેથોન પૂર્ણ કરીને ઈતિહાસ રચ્યો. તેમની સિલ્વર મેડલની આ જીત માત્ર રમતગમતની સિદ્ધિ નથી, પરંતુ સહકારથી સમૃદ્ધિનો જીવંત ઉદાહરણ છે, જ્યાં સહકાર વ્યક્તિને સશક્ત બનાવે છે, સમુદાયને ઉન્નત કરે છે અને સપનાઓને હકીકતમાં ફેરવે છે. ગરીબ ખેડૂત પરિવારમાં જન્મેલી નિરમા ઠાકોરની યાત્રા સંઘર્ષ, ત્યાગ અને અડગ સંકલ્પની પ્રેરણાદાયક કહાની છે. આર્થિક મુશ્કેલીઓ અને સામાજિક અવરોધોને પાર કરીને તેમણે આજે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ૧૯થી વધુ મેડલ જીત્યા છે. તેમની સિદ્ધિ એ સાબિત કરે છે કે સહકાર અને તકનો આધાર મળે તો પ્રતિભા ઈતિહાસ રચી શકે છે. અખૂટ મહેનત અને અડગ આત્મવિશ્વાસથી ખેતી બેંકની - ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક બ્રાન્ડ એમ્બેસેડર નિરમા ઠાકોરએ ટાટા મુંબઈ મેરાથોન ૨૦૨૬ માં રજત પદક જીતીને સપનાઓને સિદ્ધિમાં ફેરવ્યા છે. આ ગૌરવના ક્ષણે ખેતી બેંકનાં ચેરમેન શ્રી ડોલર કોટેચાએ બેંકની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કુમારી નિરમા ઠાકોરની આ સફળતાને ખેતી બેંક માટે ગૌરવ અને દેશની યુવા શક્તિ માટે પ્રેરણા ગણાવી છે. ખેતી બેંકનાં ચેરમેન ડોલર કોટેચાએ આગળ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના દૂરદર્શી અને પ્રેરણાદાયક નેતૃત્વ હેઠળ દેશમાં રમતગમત, ફિટનેસ અને મહિલા સશક્તિકરણને મળતું મજબૂત પ્રોત્સાહન આવી ઐતિહાસિક સિદ્ધિઓનું આધારસ્તંભ બની રહ્યું છે. ખેતી બેંકને તેની બ્રાન્ડ એમ્બેસેડર પર હૃદયથી ગર્વ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના દ્રષ્ટિવંત નેતૃત્વથી પ્રેરાઈ ભારત દેશ આજે રમતગમત, ફિટનેસ અને મહિલા સશક્તિકરણની એક શક્તિશાળી પુનર્જાગૃતિનો સાક્ષી બની રહ્યો છે, જ્યાં અત્યંત ગરીબ પરિવારોમાંથી આવેલા બાળકો આત્મવિશ્વાસ અને ગૌરવ સાથે વૈશ્વિક મંચ પર પગલા મૂકી રહ્યા છે. ખેતી બેંક એ માત્ર આર્થિક વ્યવહારો પૂરતી સીમિત નથી પરંતુ ગરવા ગુજરાત રાજ્યના ખમીરવંતા ખેડૂતો અને ગુજરાતનાં યુવાનોને પ્રોત્સાહન તેમજ એક સહકારથી સમૃદ્ધિના નૂતન વિચારને મૂર્તિમંત કરી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાનું કાર્ય પણ કરે છે અને સદૈવ કરતી રહેશે. ખેતી બેંક આ સિલ્વર વિજયને ગૌરવપૂર્વક વંદન કરે છે અને સહકારી દ્રષ્ટિકોણ પ્રત્યે પોતાની અડગ પ્રતિબદ્ધતાને પુનઃદૃઢ કરે છે.

વૈશ્વિક સુવિધાઓ સાથેના માણસા સ્પોર્ટ્સ સંકુલનો લાભ દરેક નાગરિક અને વિદ્યાર્થી સુધી પહોંચે તે માટે કલેકટર શ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

ઉત્સાહભેર, સ્પષ્ટ લક્ષ્ય સાથે સ્પોર્ટ સંકુલની વિવિધ સુવિધાઓનો લાભ લેવા અને જિલ્લા, રાજ્ય તથા દેશનું નામ રમત ગમત ક્ષેત્રે રોશન કરે, તે માટે અર્થસભર સૂચન કરતા કલેક્ટર શ્રી ગાંધીનગર

કમલમ્,
ગાંધીનગર જિલ્લામાં માણસા તાલુકા નગરપાલિકા વિસ્તારમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે સ્પોર્ટ્સ સંકુલનુ તાજેતરમાં જ લોકાર્પણ કરવામાં આવ્યુ છે. વૈશ્વિક સુવિધાઓ સાથેના સ્પોર્ટ્સ સંકુલનો લાભ દરેક નાગરિક અને વિદ્યાર્થી સુધી પહોંચે તથા આ સ્પોર્ટસ સંકુલના દીકરા કે દીકરી આગામી સમયમાં કોમનવેલ્થ ગેમ્સ કે ઓલમ્પિકમાં ભાગ લઈ ભારત માટે ચંદ્રક મેળવે તેવી સંકલ્પના કેન્દ્રીય ગૃહમંત્રી સાહેબે કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીની આજ સંકલ્પનાને ચરીતાર્થ કરવાના પ્રથમ પગલાં રૂપે જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ કે.દવેના માર્ગદર્શન હેઠળ તા.૧૯ જાન્યુઆરીના રોજ કલેકટર કચેરી ગાંધીનગર ખાતે, પ્રાંત અધિકારી શ્રી કલોલ મયંક પટેલ, ચીફ ઓફિસર શ્રી માણસા સતીશ પટેલ, જિલ્લાના રમતગમત અધિકારી શ્રી મહેશભાઈ ચૌધરી, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી પિયુષભાઈ પટેલની

આ સ્પોર્ટ્સ સંકુલ માત્ર એક સંકુલ જ નહીં પણ સુવર્ણ ચંદ્રક તરફ પ્રથમ ડગલું માંડી રહેલા રમતવીરો માટેનું એક પ્રથમ પગથિયું છે, જે તેમને જીત તરફ દોરી જશે, અને રાષ્ટ્ર વિકાસની ધુરા મજબૂત કરતાં આ રમતવીરો પરચ લહેરાવશે - કલેક્ટર શ્રી મેહુલ કે. દવે

હાજરીમાં માણસા તાલુકાની સમગ્ર શાળાઓના આચાર્યશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં ખૂબ જ ફળદાય મીટીંગ નું આયોજન કરવામાં આવ્યુંહતું. કલેક્ટરશ્રી દ્વારા સમગ્ર શાળાના બાળકો ઉત્સાહભેર, સ્પષ્ટ લક્ષ્ય સાથે સ્પોર્ટ સંકુલની વિવિધ સુવિધાઓનો લાભ લે અને જિલ્લા રાજ્ય તથા દેશનું નામ રમત ગમત ક્ષેત્રે રોશન કરે, તે માટે અર્થસભર સૂચન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ઉંમરના ગ્રુપો બનાવી ટ્રેનિંગ કરવા માટે પણ જિલ્લા રમત ગમત અધિકારીને કલેક્ટર શ્રી દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું. તેની સાથોસાથ માણસા નગરના શહેરીજનો પણ આ વ્યવસ્થા નો લાભ લે તે માટે ચીફ ઓફિસર શ્રી માણસા સતીશ પટેલને સફળ આયોજન માટે જવાબદારી સોંપવામાં આવી હતી. ઉપરાંત સંબંધિત સંકુલના અધિકારીશ્રીઓ સાથે સંકલન કરી રોજ સવારે ૫ થી ૧૧ સુધી તેનો યોગ્ય ઉપયોગ થાય તે જોવા પણ સૂચન કરતાં કલેક્ટર શ્રી મેહુલ કે દવે દ્વારા ઉમેરવામાં આવ્યું હતું કે, આ સ્પોર્ટ્સ સંકુલ માત્ર એક સંકુલ નહીં ગાંધીનગર જિલ્લા અને રાજ્ય માટે ગૌરવની વાત છે, "આ સંકુલ એ સુવર્ણ ચંદ્રક તરફ પ્રથમ ડગલુ માંડી રહેલા રમતવીરો માટેનું એક પ્રથમ પગથિયું છે, જે તેમને જીત તરફ દોરી જશે, અને રાષ્ટ્રવિકાસની ધુરામાં આ રમતવીરો પરચમ લહેરાવશે." કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા પણ ભાર પૂર્વક માણસાના નગરજનોને સાંજના સમયે આ સ્પોર્ટ સંકુલનો ઉપયોગ કરવા અને રમતગમત સાથે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા માટે વિશેષ અનુરોધ કરવામાં આવ્યો હતો. જેને અનુસરતા કલેક્ટરશ્રી ગાંધીનગર મેહુલ કે દવે દ્વારા સતત ધ્યાન રાખી ફોલોપ લેવામાં આવી રહ્યું છે. તથા માણસા નગરજનો મોટી સંખ્યામાં આ વ્યવસ્થા નો લાભ લે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું રહ્યું છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સી.એમ.પટેલ કોલેજ ઓફ નર્સિંગએ નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ સાથે (MoU) સમજૂતી કરાર પર હસ્તાક્ષર

કમલમ્,
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સી. એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા તબીબી શિક્ષણ, પ્રાયોગિક તાલીમ તથા સંશોધન ક્ષેત્રે ગુણવત્તા વધારવાના હેતુસર નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ અડાલજ સાથે મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસીડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રેરણા અને દીર્ઘ દૃષ્ટિથી પ્રિન્સીપાલ ડૉ. રાજેશ રાવલ, તથા વાઈસ પ્રિન્સીપાલ પ્રો. ભાવીષા પટેલ, ,નિરામય ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ઈમરાન, ડૉ. હરિપ્રકાશ અને ડૉ. અપૂર્વ તથા ડૉ. બિંદી પટેલ (એસોસિયેટ પ્રોફેસર) અને ડૉ. અંજના બારોટ (લાઈબ્રેરિયન)ના સહયોગથી સફળતાપૂર્વક આ કરાર થયેલો છે. આ સમજૂતી કરારથી શૈક્ષણિક-ઉદ્યોગ જોડાણને સફળતાપૂર્વક મજબૂત બનાવવામાં આવશે, તથા આરોગ્યસંભાળ ટેક્નોલોજી વિશે જાગૃતિ વધશે અને તબીબી શિક્ષણ, તાલીમ અને સંશોધનમાં માટે માર્ગો ખુલશે, જેનાથી તેમની ક્લિનિકલ ક્ષમતા અને તબીબી વ્યાવસાયિક જ્ઞાનમાં વધારો થાય છે. તથા નર્સિંગના વિદ્યાર્થીઓને નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ અડાલજ ખાતે ક્લિનિકલ ટ્રેનિંગ, ઈન્ટર્નશિપ, હેન્ડ્સ-ઓન અનુભવ, વર્કશોપ, સેમિનાર તેમજ સંયુક્ત સંશોધન પ્રવૃત્તિઓની તકો ઉપલબ્ધ થશે. આ કરાર થી આરોગ્યસેવા ક્ષેત્રે ગુણવત્તાસભર માનવસંસાધન તૈયાર થશે તેવી આશા વ્યક્ત કરી.

કચ્છના રાજીબેન બન્યા મહિલા આત્મનિર્ભરતાનું પ્રેરક ઉદાહરણ

વણાટકામની કલાને વ્યવસાયરૂપે વિકસાવીને વેસ્ટ પ્લાસ્ટિકમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવી અન્ય મહિલાઓને પૂરી પાડી રોજગારી

કમલમ્,
રાજ્યની મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા સશક્તીકરણના અભિગમ થકી અનેક પ્રયાસો કર્યા છે. જેના પરિણામે રાજ્યની મહિલાઓ આજે પુરુષ સમોવડી બનીને સ્વરોજગારી મેળવી સામાજિક જીવનને વધુ ઉન્નત બનાવી રહી છે. રાજ્યમાં દીનદયાલ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) નો અમલ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની-GLPC સંસ્થા દ્વારા કરવામાં આવે છે. જે અંતર્ગત યોજનાની શરૂઆતથી ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં અંદાજે ૨૮.૭૦ લાખ ગ્રામીણ પરિવારોમાંથી કુલ ૨.૮૯ લાખ સ્વ-સહાય જૂથો (SHGs)ની સ્થાપના કરવામાં આવી છે. આ સ્વ-સહાય જૂથોને GLPC દ્વારા રૂ. ૨૫૭.૯૨ કરોડ રિવોલ્વિંગ ફંડ અને રૂ. ૧,૧૭૫.૦૯ કરોડ કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ એમ કુલ રૂ. ૧,૪૩૩ કરોડ કરતાં વધુનું ફંડ આપવામાં આવ્યું છે. વધુમાં, આ સ્વ-સહાય જૂથોને રૂ. ૪,૦૫૦ કરોડ કરતાં વધુ કેશ ક્રેડિટ-લોન પણ વિતરણ કરવામાં આવી છે. આજે આ સંદર્ભે વાત કરવી છે શ્રી રાજીબેન વણકરની કે જેઓ કચ્છ જિલ્લાના અવધનગર ગામના રહેવાસી છે. જેમણે મહિલા સશક્તીકરણ અને પર્યાવરણ સંરક્ષણનો અનોખો સંકલ્પ સાકાર કરી બતાવ્યો છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ પ્લાસ્ટિક કચરાનું સુવ્યવસ્થિત સંચાલન કરીને રાજીબેને વેસ્ટ-ટુ-વેલ્થના સિદ્ધાંતને જીવંત રૂપ આપ્યું છે. તેમણે વેસ્ટ પ્લાસ્ટીકમાંથી વિવિંગ કરીને ઉપયોગી વસ્તુઓ બનાવી અનેક મહિલાઓને રોજગારી પૂરી પાડી છે. વર્ષ ૧૯૭૯માં ભુજ તાલુકાના કોટાય ગામમાં જન્મેલા રાજીબેન માત્ર બે ધોરણ સુધી જ ભણી શક્યા હતા. બાળપણથી જ મજૂરી અને વણાટકામ સાથે જોડાયેલા રાજીબેનના જીવનમાં પતિના આકસ્મિક અવસાન બાદ આર્થિક સંકટ ઊભું થયું. બે દીકરા અને એક દીકરીની જવાબદારી સાથે વર્ષ ૨૦૦૭માં તેઓ અવધનગર ગામે વસવાટ માટે આવ્યા અને મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જે સમય દરમિયાન 'મિશન મંગલમ યોજના' અંગે માહિતી મળતા રાજીબેને "કુળદેવી સખી મંડળ"ની રચના કરી આત્મનિર્ભરતાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું. રાજીબેને સખી મંડળમાં મહિલાઓ સાથે મળીને વેસ્ટ પ્લાસ્ટિક કચરાને એકત્રિત કરીને દોરામાં રૂપાંતરિત કરી બેગ, સાદડીઓ અને ફર્નિચર જેવી ચીજવસ્તુઓ બનાવવાનું કાર્ય શરૂ કર્યું. એકએકલ નારી તરીકે જીવનના સંઘર્ષને માત આપી રાજીબેને ન માત્ર પોતાનો પરિવાર સંભાળ્યો, પરંતુ અનેક ગ્રામીણ મહિલાઓને રોજગારી સાથે આત્મસન્માન પણ આપ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તથા રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડાના નેતૃત્વમાં રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, કેશ ક્રેડિટ લોન જેવી અનેક મહત્વની યોજનાઓનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત રાજીબેને ગ્રામ સંગઠન મારફતે મળેલી રૂ. ૭૦ હજારની કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ સહાય તેમજ રૂ. ૨ લાખની કેશ ક્રેડિટ લોનથી ૧૫ મહિલાઓ સાથે મળીને ઉત્પાદન એકમની સ્થાપના કરી હતી. જેના થકી આજે ૫૦થી વધુ મહિલાઓ આત્મનિર્ભર બની છે. જેના પરિણામે તેઓ દર વર્ષે રૂ. ૮થી ૧૦ લાખનો વ્યવસાય કરી રહ્યા છે. આમ, રાજીબેન મહિલાઓમાં બચતનું મહત્વ, શિક્ષણ અને આત્મવિશ્વાસ અંગે પ્રેરણા આપી રહ્યા છે. રાજીબેન પોતે ઓછું ભણ્યા હોવા છતાં દીકરીને ઉચ્ચ શિક્ષણ અપાવી પોતાના વિચારોથી અનેક પરિવારો માટે પ્રેરણાનું સ્રોત બન્યા છે. તેમની નોંધપાત્ર કામગીરી બદલ રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે, જેમાં શ્રેષ્ઠ કામગીરી માટે સ્વ-સહાય જૂથના સભ્ય રાજીબેન વણકરને પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠતા માટે રાષ્ટ્રપતિ પુરસ્કાર (સ્વચ્છ સુજલ શક્તિ સન્માન)થી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નારી એવોર્ડ (૨૦૨૧-જીએલપીસી) ,સોશિયલ એન્ટરપ્રીનીયર એવોર્ડ-નાબાર્ડ તથા વુમન એક્સેલેન્સ એવોર્ડ(૨૦૨૨)નો સમાવેશ થાય છે. આમ, મજબૂત મનોબળ અને દ્રઢ ઈચ્છાશક્તિથી દરેક મહિલા પગભર થઈ શકે છે. રાજીબેન વણકરની આ યાત્રા એ જ સાબિત કરે છે કે, સંકલ્પ, શ્રમ અને યોગ્ય માર્ગદર્શનથી ગ્રામીણ મહિલાઓ આત્મનિર્ભર બનીને સમાજમાં નવી ઓળખ ઊભી કરી શકે છે. તેની સાથે પ્લાસ્ટિકમુક્ત, સ્વચ્છ અને ટકાઉ પર્યાવરણ તરફ આગળ વધવા માટે પ્રેરણા પણ આપી શકે છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૮મો પદવીદાન સમારોહ યોજાયો

શ્રી હરિપ્રસાદ યાદવરાય બોબડેને શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ સંસ્કૃત વિદ્વાન-૨૦૨૬ પુરસ્કાર એનાયત

પદવીદાનમાં ૨૫ ગોલ્ડ મેડલ અને ૦૬ સિલ્વર મેડલ સાથે કુલ ૯૦૨ વિદ્યાર્થીઓને પદવી-પ્રમાણપત્ર એનાયત કરાયા

-:રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી:-

- **ભોગવાદ એ સાધન છે, ઉદ્દેશ્ય પ્રાપ્તિ નથી. તેવું જ્ઞાન ભારતે પોતાના જ્ઞાન વારસાથી વિશ્વને દર્શાવ્યું છે.**
- **પુરાતન જ્ઞાનને પામવાનો માર્ગ સંસ્કૃતમાંથી પસાર થાય છે.**
- **જે વસ્તુનું અસ્તિત્વ ન હતું તેનો સાક્ષાત્કાર ઋષિમુનીઓએ અગાઉથી જ કરી લીધો હતો**
- **વિદ્યાર્થીઓ મેળવેલા જ્ઞાનનો દીપક બની સમાજમાં પ્રસાર કરે**

કમલમ્,

ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ સ્થિત સંસ્કૃત યુનિવર્સિટીના કુલાધિપતિ અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૮મો પદવીદાન સમારોહ રાજેન્દ્રભુવન રોડ પર આવેલા યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાયો હતો. આધુનિક પેઢીમાં છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત અને સંસ્કારોનું સિંચન કરી રહેલી ગુજરાતની એકમાત્ર સંસ્કૃત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન કરતા રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ જ્યારે ભોગવાદ અને ભાગ માટે ઉપલબ્ધ વસ્તુઓના સંશોધનમાં પડેલો છે, ત્યારે ભારતીય આધ્યાત્મ અને જ્ઞાને આત્મા અને તેના દ્વારા ઈશ્વરની પ્રાપ્તિનો માર્ગ વર્ષો પહેલા બતાવ્યો હતો. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આપણે જે ઈતિહાસ ભણીએ છીએ એ બહારના લોકોએ લખેલો છે. આપણા ઋષિમુનિઓએ ભારતના પ્રાચીન મૂલ્યો અને સંસ્કૃતિનું જે રીતે વર્ણન કરેલું છે તેને જીવનમાં ઉતારવાની આજે નિતાંત આવશ્યકતા છે. આપણા ઈતિહાસને તોડી-મરોડીને રજૂ કરવામાં આવ્યો હતો, જેના પરિણામે આજે માતાપિતા પોતાના સંતાનોવિદેશમાં અભ્યાસ કરે તે માટે ગર્વ લે છે પરંતુ એક સમય એવો હતો કે જ્યારે વિશ્વના લોકો ભારતમાં જ્ઞાનપ્રાપ્ત કરવા માટે આવતા હતાં. જે ભારતની તે સમયની શ્રેષ્ઠતાને દર્શાવે છે. આ જ કારણ છે કે, તે સમયમાં ભારતને વિશ્વ ગુરુ કહેવામાં આવતું હતું. ભારત પુરાતન કાળમાં ૨૨ પ્રકારની વિદ્યાઓમાં પારંગત હતું. મહર્ષિ ચરક, સુશ્રુત સહિતના ઋષિમુનીઓએ અનેક પ્રકારના સંશોધન કરીને જે જ્ઞાન અર્જિત કર્યું હતું તેને આજે આધુનિક વિજ્ઞાન સ્પર્શી પણ શક્યું નથી. ભારતનું આ જ્ઞાન વેદ-ઉપનિષદની વિદ્યાથી પ્રાપ્ત થયું છે. ઋષિમુનીઓએ પર્વતો અને કંદરાઓ માં બેસીને જ્ઞાનના દોહનથી મેળવેલી વિદ્યા એ ઈશ્વરીય જ્ઞાન સમાન છે. આ જ્ઞાન સંસ્કૃત ભાષા દ્વારા નીપજ્યું છે. તેમણે જણાવ્યું કે, આપણા વેદ-ઉપનિષદમાંથી ઉત્તમ જીવનદર્શન પ્રાપ્ત થાય છે. તેવું ક્યાંય નથી. ભોગવાદ એ સાધન છે, સાધ્ય નથી, એ રસ્તો છે, પરંતુ મંજીલ નથી. એ સીડી છે, પરંતુ ઉદ્દેશ્ય પ્રાપ્તિ નથી. તેવું જ્ઞાન ભારતે પોતાના જ્ઞાન વારસાથી વિશ્વને દર્શાવ્યું છે. વિશ્વએ માત્ર ભૌતિકવાદ શીખ્યો જ્યારે ભારતે આધ્યાત્મવાદ તરફનું ચિંતન શીખવ્યું છે. સંસ્કૃતના જ્ઞાનની વર્ણનાથી પુણ્ય મેળવી શકાય છે. તેમ જણાવી તેમણે કહ્યું કે, ભારત એ ઈટ-પત્થરનો દેશ નથી પરંતુ, આ ધ્યાત્મ, ચિંતન અને એક વિચારનો દેશ છે. જેનું જ્ઞાન વેદથી લઈને શાસ્ત્રની અંદર સમાવિષ્ટ છે. આ તારું છે, આ મારું છે, એ ભોગવાદની વિચારસરણી છે. જ્યારે ભારતે 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના દ્વારા સમગ્ર વિશ્વ મારો પરિવાર છે અને હું વિશ્વનો છું, એવી ભાવના જગતને આપી છે. 'સર્વે ભવન્તુ સુખિનઃ' અટલે કે સમગ્ર જગતનું કલ્યાણ થાય, સમગ્ર વિશ્વ નિરોગી રહે,અને કોઈ વિશ્વમાં દુઃખિયારું ન રહે એવી સર્વકલ્યાણની આપણી ભાવના છે. આવું ચિંતન માત્ર ભારતના પુરાતન જ્ઞાનમાં જ પ્રાપ્ય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિકાસ સાથે વિરાસતને બચાવવાની પણ કામગીરી કરી રહ્યા છે તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ જેતે વખતે સંસ્કૃત યુનિવર્સિટીની વેરાવળ ખાતે સ્થાપના કરી ભારતના પ્રબળ આધ્યાત્મવાદને પ્રેરક બનાવવા માટેની પહેલ કરી હતી. મહાત્મા ગાંધીજી કહેતા હતાં કે— હું મારી જાતને દુર્ભાગ્યશાળી માનું છું. કારણ કે, હું સંસ્કૃત જાણતો નથી. આજે પદવી મેળવનારા તમામ લોકો સંસ્કૃતમાં શ્રદ્ધા રાખે અને તેનું અધ્યયન કરે અને મેળવેલા જ્ઞાનને સમાજમાં પ્રસારિત કરીને દીપકની જેમ સળગીને સમાજને પથ પ્રકાશિત કરજો તેનાથી મોટું કોઈ પુણ્યનું કાર્ય નથી, તેમ તેમણે જણાવ્યું હતું. આજે જેરિસચ શબ્દ પ્રચલિત છે, એ શબ્દ પણ ઋષિ શબ્દનો અપભ્રંશ શબ્દ છે. ભારતના એક-એક ઋષિ રિસર્ચ સ્કોલર હતાં. મિમાંસા, ન્યાયીક શાસ્ત્રનું આટલું બધું રિસર્ચ તેના વગર શક્ય નથી. આ બધા શાસ્ત્રોમાં જ્ઞાનનો અપાર ભંડાર રહેલો છે. ધર્મ, અર્થ, કામ કરીને મોક્ષની પ્રાપ્તિ કરવી એવું આ ધ્યાત્મદર્શન ભારતે વિશ્વને કરાવ્યું છે. આજની વિદ્યામાં શરીર દેખાય છે, પરંતુ એમા રહેલા આત્માનું જ્ઞાન તેમાં નથી. ભારતીય ઋષિ-મુનીઓએ આત્મા થી પરમાત્મા સુધી જવાનો માર્ગ પોતાના સંશોધનરૂપી ચિંતન-મનન થી દર્શાવ્યો છે. આ તમામ જ્ઞાન સંસ્કૃત ભાષામાં નિહિત છે. ત્યારે, જો ભાષા જ સમાપ્ત થઈ જશે, તો આ ગ્રંથને વાંચશે કોણ? સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ભારતીય પરંપરાના આ જ્ઞાનને પુનઃજીવીત કરી સમાજ સુધી લઈ જવાનું અનન્ય કાર્ય કરી રહી છે, આ માટે યુનિવર્સિટી અને અધ્યાપકોશ્રીને તેમણે અભિનંદન પાઠવ્યાં હતાં. સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. સુકાન્તકુમાર સેનાપતિએ યુનિવર્સિટીની સિદ્ધિઓ વર્ણવતા જણાવ્યું હતું કે, સંસ્કૃત યુનિવર્સિટીમાં વિકસિત ભારતના નિર્માણ માટેપાયાના પથ્થર સાબિત થાય એ રીતે વિદ્યાર્થીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વેરાવળના નગરજનો પણ સંસ્કૃત બોલતા થાય એ દિશામાં 'સંસ્કૃત સંભાષણ વર્ગો'ના માધ્યમથી નિરંતર પ્રચાર-પ્રસારનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. યુનિવર્સિટીમાં ગુણોત્કર્ષના માધ્યમથી વિદ્યાર્થીઓનો વિકાસ, શાસ્ત્રનું શિક્ષણ અને પ્રશિક્ષણ, રમતગમત સહિતની બહુઆયામી ઈત્તરપ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓનું કૌશલ્ય વિકસે એ દિશામાં કાર્ય થઈ રહ્યું છે. અક્ષરધામ સ્વામીનારાયણ શોધ સંસ્થાન દિલ્લીના નિયામક મહામહોપાધ્યાય પ્રો.ભદ્રેશદાસ સ્વામીએ કહ્યું કે, આ ભૂમિ વૈદિક અને સંસ્કૃતિસભર તેમજ વિદ્યાની ભૂમિ છે. જેથી સંસ્કૃત યુનિવર્સિટીના માધ્યમ થકી સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. સામવેદ સહિત ઉપનિષદ ના ઉદાહરણો થકી સ્વામીજીએ શિક્ષણનું મહત્વ વર્ણવ્યું હતું. આ પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને ૨૫ સુવર્ણ પદક અને ૦૬ રજત પદક મળી કુલ ૩૧ જેટલા પદકોપણ એનાયત કરવામાં આવ્યાં હતાં. યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમો પૈકી ૧૮મા પદવીદાન સમારોહમાં ૩૬૩ (બી.એ.) શાસ્ત્રી, ૨૦ (બી.એ.બી.એડ.) શાસ્ત્રી-શિક્ષાશાસ્ત્રી, ૨૪૬ (એમ.એ.) આચાર્ય, ૨૦૮ પી.જી.ડી.સી.એ., ૫૪ (બી.એડ.) શિક્ષાશાસ્ત્રી અને ૧૧ (પીએચ.ડી.) વિદ્યાવારિધિ એમ કુલ ૯૦૨ ડીગ્રી પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યાં હતાં.

આ સાથે વિશેષમાં શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ, જૂનાગઢ તથા સંસ્કૃત યુનિવર્સિટી વચ્ચે થયેલા એમ.ઓ.યુ. અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતનાં સંસ્કૃત વિદ્વાન શ્રી હરિપ્રસાદ યાદવરાય બોબડેને શ્રીમતી સરસ્વતી બેન જયંતિલાલ ભટ્ટ સંસ્કૃત વિદ્વાન-૨૦૨૬ પુરસ્કારથી સન્માનિત કરાયા હતાં. તદુપરાંત, છાત્રોકર્ષ વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત શોધાર્થી ગણેશ હેંગડેને 'શોધવૈભૂષણમ્' શ્રેષ્ઠ પીએચ.ડી. મહાશોધપ્રબંધ પુરસ્કાર-૨૦૨૬ અને સ્વ. મણીશંકર જીવણરામ પંડ્યા પુરસ્કાર રાશિ આપવામાં આવી હતી. આ અવસરે રાજ્યપાલશ્રી અને મહાનુભાવોના હસ્તે ડો.ખગેન્દ્ર પાત્ર દ્વારા સંપાદિત "ગૌરકૃષ્ણોદયમ્", પ્રો.જયપ્રકાશ નારાયણ દ્વિવેદી દ્વારા સંપાદિત "ન્યાયદર્શન કે સિદ્ધાન્ત એવં લોકધર્મ", ડો.હરીશ કુમાર દ્વારા સંપાદિત 'ભારતીય જ્ઞાન પરંપરા મે વૈદિક યજ્ઞ ચિકિત્સા' એમ ત્રણ ગ્રંથોનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંશુ પાલીવાલ, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ શ્રી પલ્લવીબહેન જાની, દિલ્હીની શ્રી લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.મુરલી મનોહર પાઠક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ઉત્પલ જોશી, જિલ્લા કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાય, જિલ્લા પોલીસવડા શ્રી જયદિપસિંહ જાડેજા, અગ્રણી શ્રી સંજયભાઈ પરમાર, કુલસચિવ ડો.મહંતકુમાર મંત્રા તેમજ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સીલના સભ્યો, સંલગ્ન મહાવિદ્યાલયના પ્રધાનાચાર્યો-સાધુસંતો સહિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજ્યસભાના સાંસદ શ્રી તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીએ મહેસાણા તાલુકાના કડવાસણ, ખેરવા, મેઉ તથા ગોઝારીયા ગામોની મુલાકાત લીધી

VB-G RAM G ના કામો થકી માળખાગત સુવિધા વધુ સુદ્રઢ બનાવવા માટે ઉપસ્થિત ગ્રામજનોને યોજનાની વિસ્તૃત સમજણ આપવામાં આવી

કમલમ્, મહેસાણા,

રાજ્યસભાના સાંસદ શ્રી મયંકભાઈ નાયક તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી હર્ષનિધિ શાહે આજરોજ મહેસાણા તાલુકાના કડવાસણ, ખેરવા, મેઉ તથા ગોઝારીયા ગામે VB-G RAM G યોજના અંતર્ગત ગ્રામિણ વિકાસ અને માળખાગત સુવિધા થયેલ વિવિધ સામુહિક તેમજ વ્યક્તિગત કામોની મુલાકાત લીધી હતી. જેમાં VB-G RAMG ના કામો થકી ગ્રામિણ વિકાસને વધુ વેગ આપવા તેમજ માળખાગત સુવિધા વધુસુદ્રઢ બનાવવા માટે ઉપસ્થિત ગ્રામજનોને યોજનાની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી તેમજ ગ્રામિણ અર્થતંત્રને વેગવંતુ કરવા જાહેર અપીલ કરવામાં આવી હતી. વધુમાં સગર્ભાઓને કુપોષિત બાળકોની સમજણ,આંઠું વજન ધરાવતી માતાઓ, ધાત્રી માતાઓના નવીન પ્રોગ્રામની સમજુતી ગ્રામજનોને આપવામાં આવી હતી તેમજ ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ રજુઆતોનો સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું હતું.આ તકે સાંસદશ્રીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગામડાઓમાં રોજગારી મળે તે માટે VB-G RAM -G યોજના અમલી બનાવી છે.તેમ જણાવી આ યોજના ગ્રામીણ વિસ્તારમાં ખૂબ મહત્વની સાબિત થશે માટે આ યોજનાની માહિતી લાભાર્થીઓ સુધી પહોંચાડવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો. આ તકે સ્થાનિક સરપંચશ્રીઓ, તલાટીશ્રી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

રાકેશ પરમાર દ્વારા દાણીલીમડા વોર્ડ ખાતે સ્વમવિસ્તાર ના બાળકો ને કેન્દ્ર નંબર૬ : ઘટક નંબર ૧૬ :ભીલવાસ ૧૮ સ્વામિનારાયણ આંગણવાડીના બાળકોને પોષણ આહાર તથા ચોકલેટ તથા બિસ્કીટ અને કેક તથા ફૂટપટ્ટી પેન્સિલ રબર ના સેટ નું વિતરણ કરવામાં આવ્યું. અને કુપોષિત બાળકોને બાળ રસાયણ શક્તિવર્ધક પાવડર નું વિતરણ કરવામાં આવ્યું

કચ્છની સરહદ ડેરીમાં છે ભારતનો પ્રથમ કેમલ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ; ઊંટડીના દૂધનો રાજભોગ આઈસક્રીમ બનાવતી દેશની એકમાત્ર ડેરી

સહકારથી સમૃદ્ધિ: સરહદ ડેરીએ ૯૦૦ દૂધ મંડળીઓ અને ૩૧,૦૬૭ પશુપાલકોના બેંક ખાતા ખોલ્યા; ૪૩૮ મંડળીઓને માઇક્રો એટીએમ મળ્યા



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભૂકંપ બાદ કચ્છની થઈ કાયાપલટ, સહકારી ક્ષેત્રે સરહદ ડેરી લાવી સકારાત્મક પરિવર્તન

કમલમ્, ગાંધીનગર,

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલા વિનાશક ભૂકંપે કચ્છને એ હદે તારાજ કર્યું કે, કચ્છ કરી બેઠું થશે કે કેમ એવો સવાલ દરેકના મનમાં હતો. જો કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ પ્રદેશની એવી કાયાપલટ થઈ કે, કચ્છ વિકાસ, આત્મનિર્ભરતા અને સહકારી સમૃદ્ધિનું ઉત્તમ ઉદાહરણ બની ગયું છે. તેમના નેતૃત્વમાં કચ્છ પ્રવાસન, ખેતી, સહકારી જેવા ક્ષેત્રે અગ્રેસર જિલ્લો બન્યો છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કચ્છની વિકાસયાત્રાને વધુ વેગ મળ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ભૂકંપ બાદ કચ્છના સહકારી ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં શ્રી કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદકસંઘ એટલે કે સરહદ ડેરીની નોંધપાત્ર ભૂમિકા રહી છે. ૨૦૦૮માં શ્રી વલમજી હુંબલ દ્વારા સ્થાપિત સરહદ ડેરી કચ્છની સૌથી મોટી સહકારી સંસ્થા છે અને જિલ્લાના પશુપાલકો માટે આજીવિકાનો મહત્વપૂર્ણ સ્રોત છે.

સરહદ ડેરી ૮૯,૦૦૦ દૂધ ઉત્પાદકો પાસેથી દરરોજ ૫.૫ લાખ લિટર દૂધ મેળવે છે

સરહદ ડેરી હાલ ૯૦૦થી વધુ સહકારી મંડળીઓ મારફતે દરરોજ આશરે ૮૯,૦૦૦ દૂધ ઉત્પાદકો પાસેથી ૫.૫ લાખ લિટર જેટલું દૂધ એકત્ર કરે છે. ડેરીમાં દરરોજ ૪ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ થાય છે અને અહીં ૩૦૦ટન ક્ષમતાનો પશુઆહાર (ક્રેટલ ફીડ) પ્લાન્ટ પણ છે. આ ઉપરાંત, ડેરી દ્વારા દરરોજ ૫૦,૦૦૦ લિટર આઈસક્રીમ પણ બનાવવામાં આવે છે, જેમાં સૌથી વધુ ઉત્પાદન ૩.૩૮ લાખ લિટર પ્રતિ દિવસ નોંધાયું છે. ડેરી દ્વારા પશુપાલકોને દરરોજ અંદાજે ૩ કરોડની ચુકવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન સરહદ ડેરીએ ૧,૨૦૦ કરોડથી વધુનો એતિહાસિક ટર્નઓવર હાંસલ કર્યો છે, જે વાર્ષિક ૯.૦૯ ટકાનો વધારો દર્શાવે છે. સરહદ ડેરી હરિયાણા, તેલંગાણા અને મહારાષ્ટ્રજેવા રાજ્યોમાં અમૂલના ડેરી પ્લાન્ટને ભેસનું શુદ્ધ દૂધ પુરું પાડવામાં પણ અગ્રેસર છે.

સરહદ ડેરી ખાતે છે ભારતનો પ્રથમ કેમલ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ

કચ્છના રણનું સફેદ સોનું ગણાતા ઊંટડીના દૂધમાં ભરપૂર ખાદ્ય ખનીજ તત્વો હોય છે, જે આરોગ્ય માટે લાભદાયક છે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. ભારતનો સૌપ્રથમ ઊંટડીના દૂધને દુર્ગંધમુક્ત કરવાનો પ્રોસેસિંગ પ્લાન્ટ કચ્છમાં એટલે કે સરહદ ડેરી પાસે છે, જે ૧૬ જાન્યુઆરી ૨૦૧૮થી કાર્યરત છે. ઊંટડીના દૂધ માટેનું પ્રાથમિક આંતરરાષ્ટ્રીય સર્ટિફિકેટ પણ સરહદ ડેરીએ મેળવેલ છે. કચ્છ જિલ્લામાં રાપર, નખત્રાણા, ગઢશીશા અને કોટડા આથમણા એમ ચાર કલેક્શન કેન્દ્ર મારફતે ઊંટડીના દૂધનું અમૂલ પેટર્નમુજબ કલેક્શન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ઊંટડીનું દૈનિક દૂધ સંપાદન ૪,૭૫૪ લિટર થયું છે. ઊંટડીનું દૂધ જમા કરાવતા ઊંટપાલકોને વાર્ષિક ૮,૭૨,૮૩,૪૪૦ ચુકવણું કરવામાં આવ્યું છે જેનાથી ૩૫૦થી વધુ ઊંટપાલક પરિવારોને લાભ થયેલ છે. આ ઉપરાંત, સમગ્ર ભારતમાં ઊંટડીના દૂધની રાજભોગ ફ્લેવરની આઈસ્ક્રીમ માત્ર સરહદ ડેરીમાં જ બનાવવામાં આવે છે. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આ આઈસ્ક્રીમ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને ફક્ત એક જ વર્ષમાં ૮૦ વેરાયટી લોન્ચ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૨૪.૫૨ લાખ લિટર આઈસ્ક્રીમનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું અને મહત્તમ ડિસપોચ ૫૮,૦૦૦ લિટર નોંધાયું છે.

સરહદ ડેરીને મળી છે વૈશ્વિક ઓળખ

જાન્યુઆરી ૨૦૨૨માં ગાંધીનગરમાં ઈન્ડિયન ડેરી એસોસિએશન (IDA) કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં સરહદ ડેરીએ ભાગ લીધો હતો. તો ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન (IDF) દ્વારા કેરળ રાજ્યના કોચી ખાતે વિશ્વમાં પ્રથમ વખત રિજનલ ડેરી કોન્ફરન્સ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં વિશ્વમાં ઊંટ અને ઊંટડીના વિષય પર એક મહત્વનું સેશન યોજવામાં આવ્યું હતો જેમાં સરહદ ડેરી દ્વારા એશિયા પેસિફિક પ્રદેશમાં ઊંટડીના દૂધના પ્રોસેસિંગ અને બનાવટોમાં જે ઉત્કૃષ્ટ કામગીરી થઈ છે, તેની વૈશ્વિક સ્તરે નોંધ લેવામાં આવી હતી. આ ઉપરાંત, સરહદ ડેરીને ૨૦૨૫માં દુબઈમાં યોજાયેલા વિશ્વના સૌથી મોટા ફૂડશો 'ગલ્ફ ફૂડ એક્સ્પો'માં પણ વૈશ્વિક કક્ષાએ ઓળખ મળી હતી, જ્યાં અમૂલના સ્ટોલ પર ઊંટડીના દૂધના ઉત્પાદનોએ વિશેષ આકર્ષણ પેદા કર્યું હતું. સરહદ ડેરીને તેની પ્રશંસનીય કામગીરી બદલ વણા પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યા છે. સામાજિક વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે **FOKIA Award 2014**, કચ્છ ડેરી ક્ષેત્રના વિકાસ માટે રોટરી ક્લબ ચોકીગલ એક્સેલન્સ અવૉર્ડ ૨૦૧૭, એગ્રીટેકમાં ઉત્કૃષ્ટતા બદલ **FOKIA Award 2024** અને ટકાઉ પ્રદર્શન માટે ફરસ્ટ્રક તરફથી ગ્રીન વર્કપ્લેસ અવૉર્ડ ૨૦૨૫.

'સહકારથી સમૃદ્ધિ'ની પરિકલ્પનાને સાકાર કરી રહી છે સરહદ ડેરી

'સહકારથી સમૃદ્ધિ' એ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી શ્રી અમિત શાહ દ્વારા એક દૂરદ્રષ્ટી પહેલ છે. આ કાર્યક્રમ હેઠળ, સરહદ ડેરીએ કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક (KDCC બેંક) માં ૯૦૦ દૂધમંડળીઓ અને ૩૧,૦૬૭ પશુપાલકોને ખાતા ખોલવામાં મદદ કરી છે. બેંકિંગને વધુ સરળ બનાવવા માટે ખેડૂતોને **RuPay** કાર્ડ આપવામાં આવ્યા છે અને ૪૩૮ દૂધમંડળીઓને માઇક્રો એટીએમ પ્રાપ્ત થયા છે.

કડી ખાતે ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ - વ- પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

ધારાસભ્યશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે બાયો ઇનપુટ રિસોર્સ સેન્ટર બનાવનાર ખેડૂતોને પેમેન્ટ ઓર્ડર અને પ્રાકૃતિક કૃષિમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ખેડૂતોને સન્માન પત્ર એનાયત કરાયા

કમલમ્,મહેસાણા,

કડી ખાતે ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ - વ- પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ધારાસભ્યશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે પ્રાકૃતિક કૃષિઅંતર્ગત બાયો ઈનપુટ રિસોર્સ સેન્ટર બનાવનાર ખેડૂતોને પેમેન્ટ ઓર્ડર અને પ્રાકૃતિક કૃષિમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ખેડૂતોને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ અગાઉ ધારાસભ્યશ્રી સહિતનાઓએ પ્રાકૃતિક કૃષિના વિવિધ સ્ટોલોની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સંબોધન કરતા ધારાસભ્ય શ્રી રાજેન્દ્રભાઈ ચાવડાએ જણાવ્યુંહતું કે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગને કારણે ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં પ્રકૃતિ, પર્યાવરણ અને માનવસ્વાસ્થ્ય પર ગંભીર અસરો થઈ છે. વિશ્વ આખો હવા પરિવર્તનની મોટી સમસ્યાનો સામનો કરી રહ્યું છે.ત્યારે આવી પરિસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ એ એકમાત્ર વિકલ્પ છે આથી સૌએ પ્રાકૃતિક કૃષિ તરફ વળવું જોઈએ. વધુમાં યોજનાકીય વાત કરતા તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારની દેશી ગાય નિભાવ ખર્ચ યોજના હેઠળ, મહેસાણા જિલ્લામાંપ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને અત્યાર સુધીમાં ૭૨૪.૧૬ લાખ રૂપિયાની સહાય આપવામાં આવીછે. આ ઉપરાંત જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫ માં જીવામૃત અને ઘનજીવામૃત બનાવવા તથા વિતરણ કરવા માટે માળખાકીય સુવિધા ઉભી કરવા માટે ૧૦ બાયો રીસોર્સ ઈનપુટ સેન્ટર્સ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં ગૌશાળા/ પાંજરાપોળના ૦૨ અને સખી મંડળ/ ખેડૂત ગૃપના ૦૮ એકમો તૈયાર કરવામાં આવેલા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે,પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે, જિલ્લાના ખેડૂતોને ગીર અને કાંકરેજ જાતિની દેશી ગાયો ઉછેરવા અને તેમના છાણ અને ગૌમૂત્રનો ઉપયોગ કરીનેપ્રાકૃતિક ખેતી માટે જરૂરીજીવામૃત, ઘનજીવામૃત અને પ્રાકૃતિક અસ્ત્રો બનાવવા માટે સહાય આપવામાંઆવી રહીછે.આ પ્રસંગે મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન શ્રી વિનોદભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતુંતેમજ સુરેન્દ્રનગર નાયબ ખેતી નિયામક (તાલીમ) ભરતભાઈ પટેલ અને kVK ખેરવાના વિષય નિષ્ણાતશ્રી એમ આર. પટેલે પ્રાકૃતિક કૃષિ અંગે ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે ગુજરાત ગૌશાળા/પાંજરાપોળ સંઘના પ્રમુખશ્રી અનીશ ભટ્ટ, નાયબ બા ગાયત અધિકારી શ્રી નરેન્દ્રભાઈ પટેલ, પ્રાકૃતિક કૃષિ બોર્ડ અને આત્મા તેમજ ખેતીવાડી વિભાગનાઅધિકારી કર્મચારીશ્રીઓ સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલીના સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ બારડોલી ખાતે ને.હા.ન. ૪૮,અને હાઈવે. ન,૫૩, રીડેવલોપમેન્ટકામની સમીક્ષા કરી

બારડોલીના અસ્તાન રેલ્વે ફાટક,અને ધામડોદ રેલ્વે ફાટક ખાતે સ્થળ પર જઈને સમીક્ષા કરી.

કમલમ્,બારડોલી.

૨૩બારડોલી લોકસભાના સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ આજે પોતાના મત વિસ્તાર બારડોલીની મુલાકાત લીધી હતી. અને નેશનલ હાઈવે નંબર ૪૮, હાઈવે ન ૫૩, પસાર થતા બારડોલી નગરના પ્રવેશ દ્વાર ધુલિયા ચાર રસ્તા ,નવસારી, મહુવા, વ્યારા, તરફ જવા માટે બારડોલીમાં એન્ટ્રીના રીડેવલોપમેન્ટકરવા માટે ધુલિયા ચાર રસ્તા ટ્રાફિક ની સમસ્યા હળવી કરી શકાય તે માટે , તેમજ પ્રજાજનો માટેસેનીટેશનની સુવિધા ઉભી કરી શકાય, તેમાટે, મલ્ટીપલ ક્રોસિંગ પોઈન્ટ છે.જેથી માલીબા કોલેજ, તાજપોર કોલેજ, વિદ્યાર્થીઓને સુખાકારી માટેઅને મુખ્ય પોઈન્ટ નેરી ડેવલોપિંગ કરવા માટે બેઠક મળી હતી. જેમાં તમામ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.જેના માટે સુરત SVNIT રિસર્ચઈન્સ્ટિટ્યૂટના નિષ્ણાતોદ્વારા રિસર્ચ કરી પ્રપોઝલ બનાવીને આગળની કામગીરી હાથ ધરવામાં આવશે. ત્યાર બાદ વેસ્ટર્ન રેલવે વિભાગ ધ્વારા બારડોલીના અસ્તાન રેલ્વે ફાટક,અને ધામડોદ રેલ્વે ફાટક ખાતે સ્થળ પર જઈને સમીક્ષા કરી હતી.

આ મિટિંગમાં સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, હાઈવે ઓથોરિટીના અધિકારીઓ તરુણ ગુપ્તા અને અજય સોની , રેલ્વે વિભાગના અધિકારીઓ, બારડોલી નગર પાલિકાના ચીફ ઓફિસર મિલનભાઈ પલસાણા, તથા જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ મહામંત્રીશ્રીઓ જીગરભાઈ નાયક ,રાજેશભાઈ પટેલ, કિશનભાઈ પટેલ તથા બારડોલી નગર પાલિકાના પ્રમુખ ધર્મેશ ભાઈ પટેલ, બારડોલી નગર પ્રમુખ અનંત જૈન, મહામંત્રી નિસર્ગ મહેતા, મુકેશ પટેલ, બારડોલી તાલુકા પંચાયત પ્રમુખ જમના બેન, મીડિયા ઈનચાર્જ તેજસ વશી, બારડોલી તાલુકા પ્રમુખ ડો આનંદ પટેલ, ઉપસ્થિત રહ્યા હતા.

પાયદેવડા ગામે ફ્રી મેડ્કિલ કેમ્પ નું આયોજન

કમલમ્,

સામાજિક કાર્ય ની ધગશ ધરાવતા નીલ રાજાણી (MBBS સ્ટુડન્ટ 3rdyear) gcs મેડિકલ કોલેજ અમદાવાદ વતી તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ ના કાલાવડ તાલુકા ના છત્તર / પાચદેવડા ગામે એકફ્રી મેડિકલ કેમ્પ નું આયોજન. જેમાં બહોળી સંખ્યા માં લોકો ઉમટી પડયા, ધ્રોલ ના ધારા સભ્ય શ્રી મેઘજીભાઈ ચાવડા ના ધર્મ પત્ની ગોમતી બેનઅતીથી વિશેષ તરીકે હાજરી આપી. સાથે મછલીવડ સરપંચ નરવીરભાઈ, છત્તર સરપંચ અજુડીયાભાઈ, માટાપાચદેવડા સરપંચ શ્રી રામભાઈ, ઉપસરપંચ મોટા પાચદેવડા પંકજભાઈ વિરાણી,સરવાણીયાસરપંચ ભાવેશભાઈ,તલાટી શ્રી જોષીભાઈ અને હિન્દ રક્ષક સંઘ ના તંત્રી શ્રી ડા.સીમાબેન પટેલે સહ પરિવાર સાથે ખાસ હાજરી આપી. GCS હોસ્પિટલનાડિનામેડમ,સરફરાજભાઈ તથા સેવા આપનાર ડો.સ્મિત, ડો.અંશ,ડો. વત્સલઅને ડો. નિરંજન એ પણ ખુબ ઉત્સાહ ભેર લોકો ને સમજણ આપી આ સાથે મુકેમાનો માંહિપિતા બેનખજુરિયા, ધર્મેશભાઈ અને રાજુલભાઈ , જયેશભાઈ, ગોવિંદભાઈ, દીપકભાઈ અને મંદિર ના મહંતરાજ ઉદયભાઈ જાની ડુબડુ હાજર રહ્યા અને ધૂન ધોરાજી ના સરપંચ મોહિતભાઈ સરોદળ ના સરપંચ બામરોલીયા ભાઈ અને વાવડી ના સરપંચ ભરતભાઈ નું પણ ટેલિફોન થી સતત યોગ્ય માર્ગદર્શન આપ્યું. ઉલ્લેખનીય છે કે નીલ એની બહેન પ્રીતીકા સાથે છલ્લા નવ વર્ષ થી ભણવાની સાથે સાથે વોટર સેવિંગ પ્રોજેક્ટ (water saving project) અભિયાન ચલાવે છે. તમ આજ થી ચાલુ કરેલા ફ્રી મેડિકલ કેમ્પ નુંઅભિયાન પણ ચાલુ રહેશે. તેવી ઈચ્છા વ્યક્ત કરીછે અને નીલ પોતાના મમ્મી-પપ્પા, નાનીમા, મામાઓ નો પણ આભાર માન્યો છે.જેણે આ કેમ્પ ને સફળ બનાવ્યો

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજનાર મેગા હેલ્થ કેમ્પના સુચારૂ આયોજન અંગે રાજ્યસભાના સાંસદ શ્રી કેસરીદેવસિંહ ઝાલા અને લોકસભા સાંસદ શ્રી પૂનમબેન માડમની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ) તથા જિલ્લા વહીવટી તંત્ર દેવભૂમિ દ્વારકાના સયુંકત ઉપક્રમે તા.૨૧ ફેબ્રુઆરી,૨૦૨૬ના રોજ જનરલ હોસ્પિટલ, ખંભાળિયા ખાતે મેગા હેલ્થ કેમ્પનું આયોજન કરાશે

કમલમ્,દેવભૂમિ દ્વારકા

છેવાડાના નાગરિકો સુધી આરોગ્યની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા ઉમદા આશય સાથે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ) તથા જિલ્લા વહીવટી તંત્રના સયુંકત ઉપક્રમે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેગા હેલ્થ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેના પરિણામલક્ષી આ આયોજન સંદર્ભે જિલ્લા પંચાયત ખાતે બેઠકયોજાઈ હતી. જિલ્લા પંચાયત દેવભૂમિ દ્વારકા ખાતે રાજ્યસભા સાંસદ અને એઇમ્સ ડિરેક્ટર શ્રી કેસરીદેવસિંહ ઝાલાએ મેગા હેલ્થ કેમ્પ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, કહેવત છે ને કે, "પહેલું સુખ તે જાત નર્યા" જો સ્વાસ્થ્ય સારું હશે તો અન્ય કાર્યો થઈ શકશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ તથા રાજ્યહરણફાળ પ્રગતિ ભરી રહ્યો છેત્યારે છેવાડા ના નાગરિક સુધી પાયાની આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર સતત કાર્યશીલ છે. જેના પરિણામ સ્વરૂપ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ) તથા જિલ્લા વહીવટી તંત્રના સયુંકત ઉપક્રમે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેગા હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં એઇમ્સ રાજકોટના વિવિધ અંદાજિત ૧૫ જેટલા વિભાગના તજજ્ઞો દ્વારા આરોગ્યલક્ષી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાંત, સારવારની સાથે આવશ્યક દવાઓ પણ નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. આગામી તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવાર ૮.૩૦ કલાકથી જનરલ હોસ્પિટલ, ખંભાળિયા ખાતે યોજાનાર કેમ્પમાં જિલ્લામાંથી બહોળી સંખ્યામાં નાગરિકો જોડાઈને સદર હેલ્થ કેમ્પનો લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો. આગામી સમયમાં આયોજિત મેગા હેલ્થ કેમ્પના સુચારૂ આયોજનના ભાગરૂપે યોજાયેલ બેઠકમાં સાંસદ શ્રી પૂનમબેન માડમ, પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય શ્રી મૂળુભાઈ બેરા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ.બી.પાંડોર, અગ્ર ણી શ્રી મયુરભાઈ ગઢવી સહિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના સદસ્યો, પદાધિકારીઓ, સ્થિક્તિક સંસ્થાના સભ્યો, રેડક્રોસ અને લાયન્સ કલબના પ્રમુખો સહિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જનરલ હોસ્પિટલ ખંભાળિયા ખાતે સવારે ૮.૩૦ કલાકે થી આયોજિત મેગા હેલ્થ કેમ્પમાં એઇમ્સના વિવિધ વિભાગોના તજજ્ઞો દ્વારા કરાશે નિ:શુલ્ક સારવાર

આરઆરયુએ ઐતિહાસિક એરોસ્પેસ વર્કશોપનું ઉદ્ઘાટન કર્યું: વિકસિત ભારત ૨૦૪૭ માટેભારતની શૈક્ષણિક - સંરક્ષણ સિનર્જીને મજબૂત બનાવવી

કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), ગાંધીનગરના આંતરિક સુરક્ષા, સંરક્ષણ અને વ્યૂહાત્મક અભ્યાસ કેન્દ્ર, એરોસ્પેસ સ્ટડીઝ દ્વારા આજે એરોસ્પેસ વર્કશોપનું સફળતાપૂર્વક ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જે તેના પ્રકારની પ્રથમ અનોખી શૈક્ષણિક - સંરક્ષણ સિનર્જી છે.વર્કશોપનું ઉદ્ઘાટન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, પ્રો. - વાઈસ - ચાન્સેલર, એર માર્શલ અનિલ ચોપરા (નિવૃત્ત), ડીએાઈજી ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ રાજેશ મકવાના, શ્રીનિવેશ એમ દેસાઈ, ડિરેક્ટર સ્પેસ એપ્લિકેશન સેન્ટર અને આરઆરયુના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. પાંચ દિવસના આ વર્કશોપમાં ભારતીય સેના, ભારતીય વાયુસેના, ભારતીય નૌકાદળ, ભારતીય કોસ્ટ ગાર્ડ, CISF અને NTRO ના અધિકારીઓભાગ લેશે. RRU ના માનનીય કુલપતિ પ્રો. (ડો.) બિમલ એન. પટેલે તેમના સંબોધનમાં ભાર મૂક્યો હતો કે આજે RRU ની વિકાસ ભારત ૨૦૪૭ તરફની સહિયારી યાત્રામાં એક મહત્વપૂર્ણ ક્ષણ છે, જ્યાં વિજ્ઞાન અને ટેકનોલોજીમાંભારતની વધતી જતી પરાક્રમ આપણી રાષ્ટ્રીય સુરક્ષાના પાયાને મજબૂત બનાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી બ્લુપ્રિન્ટ ૨૧મી સદીમાં એરોસ્પેસને શક્તિના નિર્ણાયક ક્ષેત્ર તરીકે સ્થાન આપે છે, જે માનવથી માનવરહિત પ્રણાલીઓ, AI-સંચાલિત કમાગીરી અને ડેટા-કેન્દ્રિત યુદ્ધમાં ઝડપી પરિવર્તનવચ્ચે નવીનતા સાથે સ્થિતિસ્થાપકતાનું મિશ્રણ કરે છે. પીએમ મોદીએ RRU ને રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠતા કેન્દ્ર તરીકે સમર્પિત કર્યું, જેમાં RRU અને ખાસ કરીને સેન્ટર ફોર એરોસ્પેસને આત્મનિર્ભર ભારત માટેઅગ્રણી તરીકે કલ્પના કરવામાં આવી હતી. એર માર્શલ અનિલ ચોપરાએ તેમના શક્તિશાળી સંબોધનમાં ભારતીય અવકાશ નીતિ ૨૦૨૩ દ્વારા ઉત્પન્ન થયેલી ગતિ અને IN-SPACe ની સશક્તિકરણ ભૂમિકા પર ભાર મૂક્યો. ISRO - જેણે તાજેતરમાં ૨૦૨૫માં ગગનયાન એર-ડ્રોપ ટેસ્ટ અને સેમીક્રાયોજેનિક એન્જિન સફળતા જેવા સીમાચિહ્નો ઉજવ્યા હતા - સાથે મળીને ઉપગ્રહો બનાવવા અનેપ્રક્ષેપણ સેવાઓ માટે સ્ટાર્ટઅપ્સને સક્ષમ બનાવીને - ભારતવૈશ્વિક અવકાશ નેતાઓ સાથે ઝડપથી અંતર ઘટાડી રહ્યું છે. ઉત્પાદન પુનર્જાગરણનું કેન્દ્ર આ બ્રીફિંગમાં એરોસ્પેસ ક્ષેત્રમાં મેક ઈન ઈન્ડિયાની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જેમાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (TASL) ગુજરાતમાં ઉત્પાદન પુનર્જાગરણને એકર કરી રહી છે. C-295 એરક્રાફ્ટની એસેમ્બલી અને રાજ્યમાં અદ્યતન કમ્પોઝિટ્સનું ઉત્પાદન આત્મનિર્ભર, સ્વદેશી ઇકોસિસ્ટમના પાયા તરીકે સેવા આપી રહ્યું છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬માં આ ઉન્નતિ માટે જરૂરી બળતણ પૂરું પાડ્યું છે, જેમાં સંરક્ષણ માટે ૬.૮૧ લાખ કરોડની રેકોર્ડ ફાળવણી કરવામાં આવી છે. ખાસ કરીને, DRDO ને ૨૬,૮૧૭ કરોડ મળ્યા છે, જે હાઈ પરસોનિક ટેકનોલોજીને આગળ વધારવાના હેતુથી ૧૨.૪%નો વધારો છે. આ રોકાણ નીચે મુજબ છે. DRDO નું 120-સેકન્ડનું સફળ સ્ક્રેમજેટ પરીક્ષણ, એક એવી સિદ્ધિ જે ભારતને આવા હાઈ-સ્પીડ ફ્લાઇટ માટે સક્ષમ રાષ્ટ્રોના ઉચ્ચ જૂથમાં સ્થાન આપે છે. ખાનગી નવીનતા અને સ્થિતિસ્થાપકતાને પ્રોત્સાહન આપવું સ્કાયરૂટ એરોસ્પેસ જેવા ખાનગી ખેલાડીઓને ઉદભવ, તેમના વિક્રમ શ્રેણીના રોકેટ સાથે, વૈશ્વિક સ્પર્ધાના નવા યુગને દર્શાવે છે. RRU ની એરોસ્પેસ વર્કશોપ આ ઉભરતી તકનીકોનું અન્વેષણ કરવા અને ભારત-પેસિફિક ક્ષિતિસ્થાપકતામાં ભારતની મુખ્ય ભૂમિકાની ચર્ચા કરવા માટેએક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. ભવિષ્યના અગ્રણીઓમાટે કાર્ય માટેઆહવાન વિદ્યાર્થીઓ, સંશોધકો અને ઉદ્યોગ અગ્રણીઓને એક ઉત્તેજક સંબોધનમાં, તેમણે આગામી પેઢીને રાષ્ટ્રના એરોસ્પેસ ભાગ્યને આકાર આપવા માટે "બોલ્ડ વિચારો શરૂ કરવા" વિનંતી કરી. આ વર્કશોપ ટેકનોલોજીકલ સાર્વભૌમત્વ અને વિક્રિ ભારત ૨૦૪૭ની અનુભૂતિ માટે સામૂહિક પ્રતિબદ્ધતા નું પ્રતિનિધિત્વ કરે છે. આગામી દિવસોમાં વર્કશોપ પ્રગટ થતાં, તે સહયોગી બુદ્ધિ અને વ્યૂહાત્મક દૂરદેશીની શક્તિનો પુરાવો છે. શિક્ષણ, ઉદ્યોગ અને નશસ્ત્ર દળો વચ્ચેના અંતરને દૂર કરીને, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ક્રકત એક કાર્યક્રમનું આયોજન કરી રહી નથી પરંતુ ભારતના ટેકનોલોજીકલ સાર્વભૌમત્વ માટે સક્રિયપણે બ્લુપ્રિન્ટ ડિઝાઇન કરી રહીછે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ AI-સંચાલિત પોલીસિંગ ક્ષમતાને મજબૂત બનાવી DCPW અધિકારીઓ માટે વિશેષ તાલીમ

કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), તેની સ્કૂલ ઓફ IT, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને સાયબર સિક્યુરિટી (SITAICS) દ્વારા, ગાંધીનગરના લવાડ કેમ્પસ ખાતે ડિરેક્ટોરેટ ઓફ કોઓર્ડિનેશન પોલીસ વાયરલેસ (DCPW) ના અધિકારીઓ માટે "છે ફોર પોલીસિંગ" પર બેદિવસીય તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યું આ કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડો.) બિમલ એન પટેલના રાષ્ટ્રપતિ ભાષણથી થઈ, જેમણે તાલીમ પહેલને આધારે વ્યૂહાત્મક માળખાની રૂપરેખા આપી. તેમણે ભાર મૂક્યો કે કાયદા અમલીકરણ માટે ક્ષમતા નિર્માણ માળખાગત, મિશન-લક્ષી અને પરિણામ-આધારિત હોવું જોઈએ, જેમાં આંતરરાષ્ટ્રીય તેમજ અને રાષ્ટ્રીય સુરક્ષા આવશ્યકતાઓ પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.પ્રો. પટેલે ભાર મૂક્યો કે આ કાર્યક્રમ મિશન કર્મયોગી માળખા સાથે સુસંગત રીતે ડિઝાઇન કરવામાં આવ્યો છે, જેમાં સતત અપ્રશિક્ષિણ, યોગ્યતા-આધારિત તાલીમ અને અધિકારીઓના લાંબા ગાળાના વ્યાવસાયિક વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમણે AI, સાયબર સુરક્ષા, ડિજિટલ ફોરેન્સિક્સ, ઉડ્યન સુરક્ષા, દરિયાઈ સુરક્ષા અને મહત્વપૂર્ણ માળખાગત સુરક્ષામાં સંકલિત તાલીમ પૂરી પાડવામાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના અનોખા રાષ્ટ્રીય મહત્વ પર પણ ભાર મૂક્યો. કુલપતિએ RRU ના બોર્ડી સ્કેનર અને ઉડ્યન સુરક્ષા પ્રણાલીઓ પર લાઇવ સત્ર પ્રાપ્ત તાલીમ આપવા માટે અધિકૃત દેશની એકમાત્ર યુનિવર્સિટી તરીકેના વિશિષ્ટતા પર પ્રકાશ પાડ્યો, જે સંવેદનશીલ ક્ષેત્રોમાં સુરક્ષા તૈયારીઓને મજબૂત બનાવવામાં તેની ભૂમિકાને મજબૂત બનાવે છે. કુલપતિના સંબોધન પછી, સંકલન પોલીસ વાયરલેસ નિર્દેશાલયના સંયુક્ત નિયામક શ્રી આશિમ સેને DCPW અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી વચ્ચે સતત સહયોગના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે DCPW ની કાર્યકારી જરૂરિયાતો સાથે સંકલિત સંયુક્ત સંશોધન પહેલ, લાગુ ટેકનોલોજી પાઇલોટ્સ અને કસ્ટમાઇઝ્ડ ક્ષમતા-નિર્માણ મોડ્યુલો સહિત લાંબા ગાળાના સહયોગી પ્રોજેક્ટ્સ તરફ એકલ તાલીમ કાર્યક્રમોથી આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. કાર્યક્રમનો મુખ્ય હાઇલાઇટ મહાસાગર સિમ્યુલેટર લેબની એક્સપોઝર મુલાકાત હતી, જેણે બંદર, દરિયાકાઠા અને દરિયાઈ તાલીમ પૂરી પાડવામાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વધતા મહત્વને પ્રકાશિત કર્યું. આ દરમિયાન, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કુલપતિએ RRU ના બોર્ડી સ્કેનર અને ઉડ્યન સુરક્ષા પ્રણાલીઓ પર લાઇવ સત્ર પ્રાપ્ત તાલીમ આપવા માટે અધિકૃત દેશની એકમાત્ર યુનિવર્સિટી તરીકેના વિશિષ્ટતા પર અનુભવ મળ્યો. ટેકનિકલ સત્રોમાં પોલીસિંગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના અદ્યતન ઉપયોગોને આવરી લેવામાં આવ્યા હતા, જેમાં AI-સક્ષમ ડિજિટલ ફોરેન્સિક્સ, ડ્રિંક, મેમરી અને મોબાઇલ ઉપકરણોમાંથી પુરાવા સંપાદન, AI-સહાયિત લોંગ વિડ્સલેષણ, ચહેરા અને અવાજ ઓળખ, ડીપફેકશોધ અને છબી અને વિડિઓ વિશ્લેષણનો સમાવેશ થાય છે.આ કાર્યક્રમમાં સોશિયલ મીડિયા અને નાલિટિક્સ, OSINT એકીકરણ, કમ્પ્યુટર વિજ્ઞન અને ઈ-સંચાલિત સાયબર ક્રાઇમ ડિટેક્શનનો પણ સંબોધવામાં આવ્યું હતું, જેમાં ફિશિંગ, છેતરપિંડી, માલવેર અને જનરેટિવ AI ના દુરુપયોગ ને સંબોધતા વ્યવહારુ પ્રદર્શનો રજૂકરવામાં આવ્યા હતા. આ પહેલે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ની રાષ્ટ્રીય ક્ષમતા નિર્માણ વધારવા, સંસ્થા કીય સહયોગને પ્રોત્સાહન આપવા અને ઉભરતા ટેકનોલોજી ડોમેન્સમાં અત્યા ધુનિક, મિશન-સંરેખિત તાલીમ કાર્યક્રમો દ્વારા કાયદા અમલીકરણ એજન્સીઓને ટેકો આપવાની પ્રતિ બદ્ધતા ને પુનઃપુષ્ટિ કરી.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028